તેજી હોય કે પછી મંદી

બજાર તરફનો સાચો દ્રષ્ટિકોણ ઉજાગર કરી,
નાના રોકાણકારોના હિતને ધ્યાનમાં રાખી,આધુનિક આર્થિક પ્રવાહો
તેમ જ શેર, કોમોડીટી, ફોરેક્ષ વગેરે બજારોની ચાલને તાદશ્ય રજૂ
કરી, દેશના ખૂણે ખૂણેથી આવેલ નિષ્ણાતોની સોનેરી સલાહ સાથે
અમદાવાદથી પ્રકાશિત થતું, આર્થિક સામાહિક

ધી ઇકોનોમિક રેવલ્યૂશન

ગુજરાતી તેમ જ અંગ્રેજી બંને ભાષામાં ઉપલબ્ધ

વધુ માહિતિ માટે વિઝીટ કરો :
web : www.theeconomicrevolution.in

email : theeconomicrevolution@yahoo.co.in
(M) 9825065387 contact : Narendra Joshi

Nirmal Metro Daily, Ahmedabad

પાનાં ૪, કિંમત રૂ. ૧.૦૦

અમદાવાદથી પ્રકાશિત થતું, પ્રજાના પ્રાણ પ્રશ્નોને વાચા આપતું , અન્યાય સામે અવાજ ઉઠાવતું
ક્રાન્તિકારી નિડર ગુજરાતી દૈનિક

RNI NO. GUJGUJ/2012/48123

નિર્મલા મેટ્રો

NIRMAL METRO

તંત્રી : નરેન્દ્ર જી. જોષી
email : nirmalmetro@yahoo.com
website: www.nirmalmetro.com

Thursday
28.03.2024
Year 12, Issue 81

દૈનિક

● વર્ષ : ૧૨ ● અંક : ૮૧ ● તા.૨૮.૦૩.૨૦૨૪ ● ગુરૂવાર ● સહતંત્રી : દેવલક્ષ્મી જોષી ● કાર્યાલય : એચ ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, જય મંગલ બીઆરટીએસ બસ સ્ટોપ સામે, ૧૩૨' રીંગ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૬૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મો. : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

● Year : 12 ● Issue : 81 ● Date : 28.03.2024 ● Thursday ● Editor : NARENDRA G. JOSHI ● Page - 4 ● Price : Rs. 1/- ● Annual Sub - 300.
Regd. Office : H-115/991, Nirmal Appartments, Opp. Jaymangal BRTS Bus Stop, 132' Ring Road, Naranpura, AHMEDABAD-380 063. ● Mo. 98250 65387

હાજર સૈનિકોને પરત બોલાવવાની પણ યોજના, સપ્ટેમ્બર પહેલાં વિધાનસભાની ચૂંટણી યોજાશે

જમ્મુ-કાશ્મીરમાંથી AFSPA હટાવવા પર વિચાર કરીશું : શાહ

જમ્મુ અને કાશ્મીરની કાયદો અને વ્યવસ્થાની જવાબદારી માત્ર પોલીસને જ સોંવાની તૈયારી કરી લીધી છે

બજારની વાત

તા. ૨૭.૦૩.૨૦૨૪

ઈન્ડેક્ષ
સેન્સેક્ષ
૭૨૯૯૬.૩૧ ૫૨૬.૦૧
૦.૭૩ %
નિફ્ટી
૨૨૧૨૩.૬૫ ૧૧૮.૯૫
૦.૫૪%

કોમોડીટી
કુડ
૬,૭૭૪.૦૦ -૪૩.૦૦
- ૦.૬૩ %
સોનું
૬૬,૩૭૩.૦૦ ૨૫૯.૦૦
૦.૩૯ %
ચાંદી
૭૪,૬૪૯.૦૦ ૧૩૧.૦૦
૦.૧૮ %
નેચરલ ગેસ
૧૪૪.૫૦ -૬.૨૦ -૪.૧૧ %

ચલણી નાણું
ડોલર / રૂપિયો
૮૩.૩૫૨૫ ૦.૦૪ ૦.૦૫ %

નવી દિલ્હી,તા.૨૭

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે હ્યું કે કેન્દ્ર સરકાર જમ્મુ અને કાશ્મીરમાંથી આર્મ્ડ ફોર્સ સ્પેશિયલ પાવર્સ એક્ટ (AFSPA) હટાવવા પર વિચાર કરી રહી છે. સરકાર ત્યાં હાજર સૈનિકોને પરત બોલાવવાની યોજના પણ બનાવી રહી છે. આ સિવાય અમિત શાહે રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી સપ્ટેમ્બર પહેલા કરાવવાની પણ વાત કરી છે.

અમિત શાહે એક મીડિયા ગ્રુપને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું કે સરકારે હવે કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરની કાયદો અને વ્યવસ્થાની જવાબદારી માત્ર પોલીસને જ સોંવાની તૈયારી કરી લીધી છે. પહેલા ત્યાંની પોલીસ પર ભરોસો ન હતો, પરંતુ હવે પોલીસ મોટા ઓપરેશનને લીડ કરી રહી છે.

અમિત શાહે કહ્યું કે મોદી સરકારે જમ્મુ-કાશ્મીરના ઓબીસીને અનામત આપી. અમારી સરકારે મહિલાઓને એક તૃતીયાંશ અનામત પણ આપી છે. પંચાયત અને શહેરી સ્થાનિક સંસ્થાઓમાં પણ

ઓબીસી અનામતની વ્યવસ્થા કરવામાં આવી હતી. અમે જ એસસી અને એસટી માટે અનામતની જગ્યા બનાવી છે.

અમે ગુર્જર અને બકરવાલ સમુદાયનો હિસ્સો ઘટાડ્યા વિના પહાડીઓને ૧૦ ટકા આરક્ષણ આપ્યું. અમે પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાંથી વિસ્થાપિત લોકોને અહીં સ્થાયી કરવા માટે વિશેષ જોગવાઈઓ કરી છે. અમારી સરકારે આ સુવિધાઓને પાયાના સ્તર સુધી પહોંચાડવાનું વચન આપ્યું છે.

નેશનલ કોન્ફરન્સના નેતા ફારુક અબ્દુલ્લા અને પીડીપી ચીફ મહેબૂબા મુફ્તીએ આ આરક્ષણ પ્રથાને ખતમ કરવા માટે ઘણી વખત પ્રયાસ કર્યા હતા, પરંતુ હવે જનતા તેમના ઈરાદા જાણી ગઈ છે. હું પૂછવા માંગુ છું કે નેશનલ કોન્ફરન્સે ૭૫ વર્ષથી આ લોકોને આરક્ષણ કેમ ન આપ્યું.

અમિત શાહે કહ્યું કે જ્યારે અહીં આતંકવાદનો સમય હતો ત્યારે અબ્દુલ્લા ઈંગ્લેન્ડના પ્રવાસે જતા હતા. બંને (અબ્દુલ્લા અને મહેબૂબા)ને જમ્મુ-કાશ્મીરના મુદ્દાઓ પર અભિપ્રાય આપવાનો કોઈ અધિકાર નથી. બંનેના કાર્યકાળ દરમિયાન અનેક નકલી એન્કાઉન્ટર થયા હતા. છેલ્લા ૫ વર્ષમાં અહીં એક પણ નકલી એન્કાઉન્ટર થયું નથી, પરંતુ નકલી એન્કાઉન્ટરમાં સામેલ લોકો વિરુદ્ધ માત્ર FIR નોંધવામાં આવી છે.

અમિત શાહે કહ્યું કે મોદી સરકારે આતંકવાદ સાથે જોડાયેલા ૧૨ સંગઠનો પર પ્રતિબંધ મૂક્યો છે. અમારી સરકારમાં ટેરર ફન્ડિંગ સંબંધિત ૨૨ કેસ નોંધાયા છે. ૧૫૦ કરોડની સંપત્તિ પણ જપ્ત કરવામાં આવી છે. આ ઉપરાંત ૧૩૪ બેંક ખાતાઓ પણ ફ્રીઝ કરવામાં આવ્યા છે. અમિત શાહે કહ્યું- ૨૦૧૦માં જમ્મુ-કાશ્મીરમાં પથ્થરમારાની ૨૫૬૪ ઘટનાઓ બની હતી, જે હવે શૂન્ય થઈ ગઈ છે. ૨૦૦૪થી ૨૦૧૪ દરમિયાન આતંકવાદની ૭૨૧૭ ઘટનાઓ બની હતી. હવે તેમાં ૭૦ ટકાનો ઘટાડો થયો છે. ૨૦૧૪થી ૨૦૨૩ સુધીમાં આ ઘટનાઓ ઘટીને ૨૨૨૭ થઈ ગઈ છે.

અમિત શાહે દાવો કર્યો હતો કે ૨૦૦૪થી ૨૦૧૪ સુધીમાં કુલ મૃત્યુઆંક ૨૮૨૯ હતો. ૨૦૧૪-૨૦૨૩ દરમિયાન તેમાં ૬૮ ટકાનો ઘટાડો થયો છે. ૨૦૧૪થી ૨૦૨૩ સુધીમાં ૯૧૫ લોકોના મોત થયા છે.

નાગરિકોના મૃત્યુમાં પણ ઘટાડો થયો છે. ૨૦૦૪થી ૨૦૧૪ની વચ્ચે ૧૭૭૦ નાગરિકો માર્યા ગયા. મોદી સરકારના કાર્યકાળમાં ૩૪૧ લોકોના મોત થયા છે. તે જ સમયે, ૨૦૦૪થી ૨૦૧૪ સુધી ૧૦૬૦ સૈનિકોએ જીવ ગુમાવ્યો. ૨૦૧૪થી ૨૦૨૩ સુધીમાં તેમાં ૪૬ ટકાનો ઘટાડો થયો છે. મોદી સરકારના કાર્યકાળમાં ૫૭૪ જવાનો શહીદ થયા.અમિત શાહે કહ્યું- લોકોના સમર્થન વિના આ ફેરફારો થઈ શક્યા નહોતા. જે લોકો ઈસ્લામ વિશે વાત કરે છે તેઓને ખબર હોવી જોઈએ કે મૃત્યુ પામેલા લોકોમાંથી ૮૫ ટકા આપણા મુસ્લિમ ભાઈઓ અને બહેનો હતા. હું અહીંના યુવાનોને પણ કહેવા માંગુ છું કે તેઓ પાકિસ્તાન દ્વારા ચલાવવામાં આવી રહેલા ષડયંત્રથી દૂર રહે.આજે પાકિસ્તાન ભૂખમરો અને ગરીબીથી પીડિત છે. ત્યાંના લોકો પણ કાશ્મીરને સ્વર્ગ તરીકે જુએ છે. હું બધાને કહેવા માંગુ છું કે કાશ્મીરને જો કોઈ બચાવી શકે છે તો તે વડાપ્રધાન મોદી છે. મોદી સરકાર શહીદોના પરિવારોને નોકરી આપીને સુરક્ષા દળોનું મનોબળ વધારી રહી છે. આજે એક પણ શહીદનો પરિવાર નોકરી વગરનો નથી.

સામાન્ય રીતે સાપ કોઈને નુકસાન પહોંચાડતો નથી, પરંતુ તેને ભયનો અહેસાસ થતાં જ તે તેના જીવલેણ ઝેરનો ઉપયોગ સ્વરક્ષણના હથિયાર તરીકે કરે છે. આવી પરિસ્થિતિઓમાં સાપ ખતરનાક પ્રાણી બની જાય છે. લોકોમાં સાપનો ભય છે. દરેક વ્યક્તિ સાપથી દૂર ભાગે છે, પરંતુ સાપને કેવી રીતે સુરક્ષિત ભગાડવો? શું આ દુનિયામાં એવું કંઈ છે જેની ગંધથી સાપ ભાગી શકે? ચાલો આજે જાણીએ એક એવી વસ્તુ વિશે જેની ગંધ સાપથી બચવામાં અસરકારક છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઉ્ટ્ટિ પર એક યુઝરે આને લગતો એક પ્રશ્ન પૂછ્યો છે અને ઘણા લોકોએ તેના જવાબ પણ આપ્યા છે. તેના આધારે ચાલો જાણીએ કે એવી કઈ વસ્તુઓ છે જે સાપને ભગાડે છે. પ્રશ્નના જવાબમાં એક યુઝરે કહ્યું કે સાપ કેરોસીનની ગંધ સહન કરી



શકતા નથી અને તેની નજીક પણ આવતા નથી. શકતા નથી અને તેની નજીક પણ આવતા નથી. જો કે, પ્રાણીઓની વેબસાઈટ એઝ-એનિમલમાં ૧૪ વસ્તુઓનો ઉલ્લેખ કરાયો છે, જેને સૂંઘવાથી સાપ ભાગી જાય છે. તેમાં લસણ અને દુંગળી મુખ્ય છે. આ સિવાય ફુદીનો, લવિંગ, તુલસી, તજ, વિનેગર, લીંબુ અને સૌથી અગત્યનું એમોનિયા ગેસ પણ છે. કેટલીકવાર સાપ પણ ધુમાડાથી પ્રભાવિત થાય છે. કેટલીકવાર સાપ પણ ધુમાડાથી પ્રભાવિત થાય છે.

તેનો અર્થ એ કે તેઓને ધુમાડા દ્વારા પણ દૂર કરી શકાય છે. સાપને આ બધી વસ્તુઓની ગંધ ખૂબ જ વિચિત્ર લાગે છે, તેથી તેઓ તેનાથી દૂર ભાગવાનો પ્રયાસ કરે છે.

ભાજપે અમરાવતીથી નવનીત રાણાને મેદાનમાં ઉતાર્યા

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા. ૨૭

ભાજપે આજે બુધવારે લોકસભાની બે બેઠકો માટે ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. ભાજપે મહારાષ્ટ્રના અમરાવતીથી વર્તમાન અપક્ષ સાંસદ નવનીત રાણાને ટિકિટ આપી છે. જ્યારે ગોવિંદ કરજોલને કર્ણાટકના ચિત્રદુર્ગમાંથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. મહારાષ્ટ્રના તત્કાલિન મુખ્યપ્રધાન ઉદ્ધવ ઠાકરેના નિવાસસ્થાનની બહાર હનુમાન ચાલિસા કરવાના મુદ્દે નવનીત રાણા દેશભરમાં ચર્ચામાં આવ્યા હતા. ઉમેદવાર બનાવ્યા બાદ નવનીત રાણાએ કહ્યું કે તે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડાનો આભાર માને છે. પાર્ટીએ તેમનામાં વિશ્વાસ વ્યક્ત કર્યો છે, જેના માટે તેઓ આભારી છે.

નવનીત રાણા અમરાવતીના વર્તમાન અપક્ષ સાંસદ છે. ૨૦૧૯ની ચૂંટણીમાંમાં, નવનીત રાણાએ શિવસેનાના આનંદરાવ અડસુલને હરાવીને અપક્ષ ઉમેદવાર તરીકે બેઠક જીતી હતી. એપ્રિલ ૨૦૨૨માં મુંબઈ પોલીસે નવનીત રાણા વિરુદ્ધ બીજી ફરિયાદ નોંધી હતી. જ્યારે તેણી અને તેના પતિની તત્કાલીન મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેના ખાનગી નિવાસસ્થાનની બહાર હનુમાન ચાલીસાના પાઠ કરવાની ધમકી આપવા બદલ ''વિવિધ જૂથો વચ્ચે દુશ્મનાવટ પેદા કરવા'' માટે કથિત રીતે ધરપકડ કરવામાં આવી હતી.

નવનીત રાણા સીએમ આવાસ ખાતે હનુમાન ચાલીસાના પાઠ કર્યા બાદ વિવાદોમાં ઘેરાઈ ગયા હતા અને પોલીસે તેમની સામે કાર્યવાહી કરી હતી. લોકસભાની ચૂંટણી દરમિયાન જ્યારે તેમને ટિકિટ આપવામાં આવી ત્યારે ઘણા વર્તુળોમાં વિરોધ થયો હતો, પરંતુ પાર્ટીએ આખરે તેમને ઉમેદવાર બનાવ્યા.

ભાજપે મહારાષ્ટ્રમાંથી અત્યાર સુધીમાં ૨૪ ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે. ભાજપે પહેલા બે તબક્કામાં પોતાના ઉમેદવારોની જાહેરાત કરી હતી. પહેલી યાદીમાં ૨૦ ઉમેદવારોના નામ હતા. બીજી યાદીમાં ત્રણ ઉમેદવારોના નામ હતા. હવે ત્રીજી યાદીમાં નવનીત રાણાનું નામ છે.

અમરાવતી લોકસભા બેઠક પરથી ભાજપે નવનીત રાણાને પક્ષના સત્તાવાર ઉમેદવાર તરીકે જાહેર કર્યા હોવા છતાં તેને ભારે વિરોધનો સામનો કરવો પડી રહ્યો છે.

છેલ્લી લોકસભા ચૂંટણી દરમિયાન નવનીત રાણાને દ્રઝ્ઁના સમર્થિત ઉમેદવાર માનવામાં આવી રહ્યા હતા. અમરાવતીમાં તેમને સમર્થન મળ્યું હતું. તે ચૂંટણી જીતી ગઈ હતી, પરંતુ છેલ્લા પાંચ વર્ષમાં સત્તાના સમીકરણો બદલાઈ ગયા છે. ભાજપ વિરુદ્ધ પ્રચાર કરનાર નવનીત રાણા હવે ભાજપ સાથે છે અને પાર્ટીએ તેમને અમરાવતીથી સત્તાવાર ઉમેદવાર બનાવ્યા છે.

દેશભરના રાજ્યોમાં હવામાનમાં અચાનક પલટો જોવા મળી શકે છે

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા. ૨૭

દેશભરના રાજ્યોમાં હવામાનમાં પલટો જોવા મળી શકે છે. આજે દેશના અનેક ભાગોમાં વરસાદ જોવા મળી શકે છે. આગામી પાંચ દિવસ સુધી અનેક રાજ્યોમાં ગાજવીજ સાથે વરસાદ અને પહાડી વિસ્તારોમાં હિમવર્ષાની ગતિવિધિઓ જોવા મળી શકે છે. હવામાન વિભાગ તરફથી અપાયેલી જાણકારી મુજબ પશ્ચિમી હિમાલયી વિસ્તારોમાં એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ પહોંચ્યું છે. જેની અસરથી વરસાદ જોવા મળશે. આ ઉપરાંત ૨૯મી માર્ચે વધુ એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવી રહ્યું છે જે વરસાદની ગતિવિધિઓમાં તીવ્રતા લઈને આવશે.

હવામાન વિભાગના જણાવ્યાં મુજબ આજે જમ્મુ અને કાશ્મીર, લદાખ, ગિલગિટ બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદમાં ગાજવીજ સાથે વરસાદ અને હિમવર્ષા જોવા મળશે. જ્યારે હિમાચલ પ્રદેશ, ઉપર હિમાલયી પશ્ચિમ બંગાળ, સિક્કિમ, અરુણાચલ પ્રદેશ, અસમ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, અને ત્રિપુરાના આંતરિયાળ વિસ્તારોમાં પણ વરસાદ અને હિમવર્ષાની ગતિવિધિ જોવા મળી શકે છે.

હવામાન વિભાગ તરફથી અપાયેલી જાણકારી મુજબ ૨૮મી માર્ચે હિમાચલ પ્રદેશમાં ભારે પવન ફૂંકાવવાની સાથે હિમવર્ષા જોવા મળી શકે છે. આ સાથે પંજાબ, ગંગીય પશ્ચિમ બંગાળમાં પવન ફૂંકાઈ શકે છે, વીજળીના કડાકા ભડાકા જોવા મળી શકે છે. જ્યારે જમ્મુ અને કાશ્મીર, લદાખ, ગિલગિટ બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદ, હરિયાણા અને ચંડીગઢના આંતરિયાળ વિસ્તારોમાં વીજળી ચમકવાની સાથે હળવો વરસાદ જોવા મળી શકે છે.

હવામાન ખાતાના જણાવ્યાં મુજબ ૨૯ માર્ચે હિમાચલ પ્રદેશમાં ગાજવીજ સાથે વરસાદ અને કરા પડી શકે છે. ઉત્તરાખંડમાં પણ વીજળી ચમકવાની સાથે કરા પડી શકે. પંજાબ, હરિયાણા, ચંડીગઢ, પશ્ચિમી ઉત્તર પ્રદેશ, ગંગીય પશ્ચિમ બંગાળ, જમ્મુ અને કાશ્મીર, લદાખ અને રાજસ્થાનના કેટલાક વિસ્તારોમાં વીજળી ચમકવાની સાથે વરસાદની ગતિવિધિઓ જોવા મળી શકે છે. હવામાન વિભાગ મુજબ ૨૯ માર્ચે જમ્મુ અને કાશ્મીર, લદાખમાં ભારે વરસાદ અને હિમવર્ષા જોવા મળી શકે છે.

ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, પંજાબ, હરિયાણા, ચંડીગઢ, ઉત્તર પ્રદેશ, ગંગીય પશ્ચિમ બંગાળમાં પવન ફૂંકાવવાની સાથે વરસાદ જોવા મળી શકે છે. ઉત્તરાખંડના કેટલાક ભાગોમાં કરા પડી શકે છે. હવામાન વિભાગ મુજબ જમ્મુ કાશ્મીર, લદાખ, હિમાચલ પ્રદેશ, અરુણાચલ પ્રદેશમાં ભારે વરસાદ અને હિમવર્ષા જોવા મળી શકે. ૩૧મી માર્ચે વાતાવરણ પલટાઈ શકે છે. ઉત્તરાખંડમાં ગાજવીજ સાથે વરસાદ કરા પડી શકે છે. હિમાચલ પ્રદેશ, પંજાબ, ચંડીગઢ, ઉત્તર પ્રદેશ, ગંગીય પશ્ચિમ બંગાળમાં તેજ પવન સાથે વીજળી ચમકી શકે છે અને વરસાદ પડી શકે છે. હવામાન ખાતાના જણાવ્યાં મુજબ અસમ, મેઘાલયમાં ભારે વરસાદ પડી શકે છે. જમ્મુ કાશ્મીર, લદાખ, અરુણાચલ પ્રદેશમાં ભારે વરસાદ અને હિમવર્ષા જોવા મળી શકે છે.

ગુજરાતમાં ઉનાળાની શરૂઆતથી જ કાળઝાળ ગરમી જોવા મળી રહી છે. અમદાવાદમાં તો સીઝનમાં પ્રથમવાર પારો ૪૦ ડિગ્રી નજીક પહોંચી ગયો. જો કે આગામી ૪૮ કલાકમાં શહેરમાં હજુ પારો વધવાની શક્યતા છે. ત્યારબાદ ગરમીમાં ઘટાડો થવાની સંભાવના હવામાન ખાતાએ વ્યક્ત કરી છે. હવામાન ખાતાના જણાવ્યાં મુજબ શહેરમાં સવારથી શરૂ થયેલા પશ્ચિમથી દક્ષિણ-પશ્ચિમના ગરમ અને સૂકા પવનો દિવસ દરમિયાન પણ ચાલુ રહ્યા. જેના કારણે તાપમાનમાં વધારો થયો.

અત્યાર સુધીમાં ૧૦૦ જેટલા સાંસદોનાં પત્તાં કપાયાં

ભાજપે ૯૦ ટકા જેટલા ઉમેદવારો જાહેર કરી દીધા

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા. ૨૭

લોકસભા ચૂંટણી ઢૂંકડી છે અને ભાજપે અત્યાર સુધીમાં ૪૦૫ ઉમેદવારોના નામ પણ જાહેર કરી દીધા છે. આમ જોઈએ તો ભાજપે ૯૦ ટકા જેટલા ઉમેદવારો જાહેર કરી દીધા છે. ત્યારે નજરે ચડે છે કે આમાંથી લગભગ ૧૦૦ જેટલા સાંસદોના પત્તા કપાઈ ચૂક્યા છે.

આ અગાઉ ૨૦૧૯માં પણ ભાજપની એ રણનીતિ જોવા મળી હતી અને ૯૯ સાંસદોને ફરીથી તક મળી નહતી. પરંતુ આ વખતે એવું લાગે છે કે આવા સાંસદોની સંખ્યા વધી શકે છે.

યાદી જોઈએ તો અત્યાર સુધીમાં વરુણ ગાંધી, વી કે સિંહ, અનંતકુમાર હેગડે, મીનાક્ષી લેખી, સદાનંદ ગૌડા, સાધ્વી પ્રજ્ઞા ઠાકુર, રમેશ બીધૂડી, હર્ષવર્ધન, ગૌતમ ગંભીર સહિત અનેક દિગ્ગજોના નામ કપાઈ ચૂક્યા છે.

એવું માનવામાં આવી રહ્યું છે કે કોને ટિકિટ આપવી અને કાપવી તે માટે ત્રણ પોઈન્ટની રણનીતિ છે જે હેઠળ ઉમેદવાર નહીં પરંતુ પીએમ મોદી, તેમની યોજનાઓ અને ભાજપના ચૂંટણી ચિન્હ કમળ પર ફોકસ કરવાનું છે. અત્રે જણાવવાનું કે પીએમ મોદીએ પોતે ભાજપના કાર્યકર્તાઓને અપીલ કરી હતી કે આપણા ઉમેદવાર ફક્ત કમળ છે. તમામ કાર્યકરોએ મળીને કમળને જીતાડવા માટે કામ કરવાનું છે. જેનાથી સ્પષ્ટ થઈ ગયું હતું કે ભાજપનું નેતૃત્વ આ વખતે કોઈને પણ બદલી શકે છે અને કોઈને પણ ગમે ત્યાંથી ચૂંટણીના મેદાનમાં ઉતારી શકે છે. એવી પણ ચર્ચાઓ છે કે અલાહાબાદથી રીતા બહુગુણા જોશીને તક મળી શકે તેમ નથી.

આ ઉપરાંત કૈસરગંજ લોકસભા સીટથી બૃજભૂષણ શરણ સિંહને પણ હટાવવામાં આવી શકે છે.

આ રણનીતિ હેઠળ ભાજપે જ્યાં એક બાજુ બંગાળના સંદેશખાલીની પીડિતાને ઉમેદવાર બનાવી છે તો બીજી બાજુ મેરઠથી રામાયણના રામ એટલેકે અરુણ ગોવિલ અને હિમાચલ પ્રદેશના મંડીથી બોલીવુડ અભિનેત્રી ચૂંટણીના મેદાનમાં છે. એક સમયે મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી તરીકે ડંકો વગાડનારા શિવરાજ ચૌહાણ પણ આ વખતે વિદિશાથી લોકસભા લડી રહ્યા છે. હરિયાણામાં પૂર્વ મંત્રી મનોહરલાલ ખટ્ટર પણ કરનાલ સીટથી મેદાને છે.

ભાજપે જાહેર કર્યુ વિપક્ષના ગઠબંધન પર કટાક્ષ કરતું એક Video કેમ્પેઈન

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા. ૨૭

લોકસભા ચૂંટણીનું બ્યુગલ વાગી ચુક્યુ છે. આ વખતે લોકસભાની ચૂંટણી ૭ તબક્કામાં યોજાવાની છે.વિવિધ રાજકીય પક્ષોએ પોતાના કેટલાક ઉમેદવારોના નામ જાહેર કર્યા છે, તો કેટલાક ઉમેદવારોના નામ જાહેર કરવાના બાકી છે. જો કે દરેક પક્ષ પ્રચાર પ્રસારના કામમાં લાગી ગયુ છે. તેમાં પણ ભાજપે પ્રચાર માટે એક એક વીડિયો કેમ્પેઈન શરુ કર્યુ છે. જો જોઈને તમને હસુ પણ આવશે અને વિચારમાં પણ પડી જશો. સોશિયલ મીડિયામાં ભાજપ દ્વારા શરુ કરાયેલા કેમ્પેઈનનો વીડિયો ખૂબ વાયરલ થઈ રહ્યો છે. જેમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને વિપક્ષના દળોના નેતાઓને પણ પ્રતિકાત્મક રીતે લેવામાં આવ્યા હોય તેવુ જોવા મળી રહ્યુ છે. આ વીડિયો કોઈને પણ હસવા મજબૂર કરી દે તેવો છે.વીડિયોમાં જોવા મળે છે કે લગ્ન જીવન માટે સાથીની પસંદગી કરવા માટે યુવક અને યુવતી મળે છે. જો કે યુવક તેની સાથે તેના બિઝનેસ પાર્ટનર્સ એટલે કે INDIA ગઠબંધનમાં સામેલ દળોને લઈને આવે છે અને બધાનો પરિચય કરાવે છે. બાદમાં વાતચીત દરમિયાન જ તેઓ અંદરો અંદર વરરાજાની એટલે કે વડાપ્રધાન પદ માટેના ઉમેદવારની પસંદગીની ચર્ચા કરતા જ એકબીજા જોડે લડવા લાગે છે. બાદમાં કટાક્ષ પૂર્વક વીડિયોમાં જણાવવામાં આવે છે કે જે વરરાજા કોણ બનશે તેની પસંદગી નથી કરી શકતા તો પ્રધાનમંત્રી કોણ બનશે તેની પસંદગી કેવી રીતે થશે ?

મહત્વનું છે કે લોકસભા ચૂંટણીને ધ્યાને રાખીને કોંગ્રેસ સહિતના વિપક્ષે 'ભાજપ અને નરેન્દ્ર મોદી'ને પડકારવા માટે વિપક્ષનાં દળોના ગઠબંધન – ઈન્ડિયન નેશનલ ડેવલપમેન્ટલ ઈક્લુસિવ એલાયન્સ એટલે કે INDIAની જાહેરાત કરી હતી.

અરવિંદ કેજરીવાલને રાહત મળી નહીં

દિલ્હી લિકર પોલિસી કથિત કૌભાંડ કેસમાં સુનાવણી ત્રણ એપ્રિલે થશે

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા. ૨૭

દિલ્હી લિકર પોલિસી કથિત કૌભાંડ કેસમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને ધરપકડ અને રિમાન્ડને લઈને દિલ્હી હાઈકોર્ટથી બુધવારે રાહત નથી મળી. જસ્ટિસ સ્વર્ણકાંતા શર્માની કોર્ટે ઈડીને નોટિસ પાઠવીને ૨ એપ્રિલ સુધીમાં જવાબ માંગ્યો છે.

હાઈકોર્ટે તાત્કાલિક આદેશનો ઈનકાર કરી દીધો છે અને કહ્યું છે કે, ઈડીનો જવાબ જાણવો જરૂરી છે. હાઈકોર્ટે હવે આ મામલે ૩ એપ્રિલે સુનાવણી કરશે. હાલ અરવિંદ કેજરીવાલ હાલ ઈડીની કસ્ટડીમાં જ રહેશે. ASG રાજૂએ કહ્યું કે, અમે ડિટેઈલ્સમાં જવાબ ફાઈલ કરવા માંગીએ છીએ. મુખ્ય કેસમાં અમને ત્રણ અઠવાડિયા અપાયા હતા.

આ મામલે પણ અમને પોતાનો જવાબ દાખલ કરવા માટે જરૂરી સમય આપવામાં આવે. મહત્વનું છે કે, કેજરીવાલે પોતાની ધરપકડને પડકારતા ઈડીની કસ્ટડીમાંથી મુક્ત કરવા માંગ કરી હતી. કેજરીવાલની અરજી પર જસ્ટિસ સ્વર્ણકાંત શર્માની બેન્ચની સામે બંને પક્ષોએ પોતાની દલીલ રજૂ કરી હતી.

એમસીએક્સ પર કોટન-ખાંડીના વાયદાના ભાવમાં રૂ.૭૦૦ની વૃદ્ધિ : મેન્થા તેલમાં પણ સુધારાનો સંચાર

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં બુધવારે આ લખાઈ રહ્યું છે ત્યારે રૂ.૨૯,૭૮૬.૩૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૯,૨૧૫.૩૫ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૨૦૫૬૨.૮૧ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૬૬,૧૯૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૬,૪૯૯ અને નીચામાં રૂ.૬૬,૦૧૮ ના મથાળે અથડાઈ, રૂ.૧૯૭ વધી રૂ.૬૬,૩૧૧ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની માર્ચ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧ વધી રૂ.૫૩,૩૯૮ અને ગોલ્ડ-પેટલ માર્ચ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૯ વધી રૂ.૬,૫૨૦ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૨૩ વધી રૂ.૬૬,૨૫૦ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૪,૪૮૭ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૪,૭૮૪ અને નીચામાં રૂ.૭૪,૩૫૯ ના મથાળે અથડાઈ, રૂ.૮ વધી રૂ.૭૪,૫૨૬ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૫ ઘટી રૂ.૭૪,૫૫૦ અને ચાંદી-માઈક્રો એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૧૯ ઘટી રૂ.૭૪,૫૨૮ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ તાંબુ માર્ચ વાયદો રૂ.૭૫૩.૫૫ના ભાવે ખૂલી, રૂ.૩.૧૦ ઘટી રૂ.૭૫૨.૫૫ જ્યારે સીસું એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૫ ઘટી રૂ.૧૭૭ના ભાવ થયા હતા. જસત માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૨.૪૦ ઘટી રૂ.૨૧૪ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની માર્ચ વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૮૦ વધી રૂ.૨૦૮.૧૦ સીસુ-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૦.૩૦ ઘટી રૂ.૧૭૭.૩૫ જસત-મિની માર્ચ વાયદો રૂ.૩.૫૦ ઘટી રૂ.૨૧૫.૯૫ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ ક્રૂડ તેલ એપ્રિલ વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૬,૭૬૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૭૮૨ અને નીચામાં રૂ.૬,૭૨૩ ના મથાળે અથડાઈ, રૂ.૪૯ ઘટી રૂ.૬,૭૬૮ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.૪૬ ઘટી રૂ.૬,૭૬૯ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ એપ્રિલ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૫૦ના ભાવે ખૂલી, રૂ.૩.૪૦ ઘટી રૂ.૧૪૭.૩૦ અને નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો ૩.૩ ઘટી ૧૪૭.૬ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ કોટન ખાંડી માર્ચ વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૬૧,૨૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૧,૨૦૦ અને નીચામાં રૂ.૬૦,૭૦૦ ના મથાળે અથડાઈ, રૂ.૭૦૦ વધી રૂ.૬૦,૭૦૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ માર્ચ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૭૦ વધી રૂ.૯૨૫ બોલાયો હતો.

કામકાજની દષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૫,૭૩૩.૪૪ કરોડનાં અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૮૬૬.૧૭ કરોડનાં વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૪૦૮.૩૧ કરોડનાં ૧૨,૮૦૩ લોટ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૬૨૬.૦૬ કરોડનાં ૪૪,૮૫૨ લોટ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૫૪ કરોડનાં ૭૭૪ લોટ સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૧૧.૯૩ કરોડનાં ૨૨૯ લોટ તાંબાના વાયદાઓમાં રૂ.૨૬૧.૧૨ કરોડનાં ૧,૩૮૦ લોટ અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૨૪૬.૯૮ કરોડનાં ૪,૨૭૫ લોટના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૩.૫૬ કરોડનાં ૧૨ લોટ મેન્થા તેલ વાયદામાં રૂ.૩.૭૮ કરોડનાં ૧૧૨ લોટનાં કામકાજ થયાં હતાં.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૮.૧૭ કરોડનાં ૯૭ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૨૬૦ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ એપ્રિલ વાયદો ૧૬,૮૦૧ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૯૦૦ અને નીચામાં ૧૬,૭૯૬ બોલાઈ, ૧૦૪ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૪૦ પોઈન્ટ વધી ૧૬,૮૫૦ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ. ૨૦૫૬૨.૮૧ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૬,૮૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૫૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૬૫ અને નીચામાં રૂ.૧૩૬ના મથાળે અથડાઈ, રૂ.૨૯.૮૦ ઘટી રૂ.૧૫૨ થયો હતો, જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૧૫૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૮.૬૫ ખૂલી, ઉપરમાં રૂ.૯.૧૦ અને નીચામાં રૂ.૭.૬૫ રહી, અંતે રૂ.૧.૫૦ ઘટી રૂ.૭.૯૦ થયો હતો.

સોનું મે રૂ.૬૭,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૮૨૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧,૦૫૭.૫૦ અને નીચામાં રૂ.૭૯૦ના મથાળે અથડાઈ, રૂ.૧૧૩.૫૦ વધી રૂ.૯૪૫ થયો હતો, જ્યારે સોનું-મિની એપ્રિલ રૂ.૬૬,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૮૩૧.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૧,૦૮૦ અને નીચામાં રૂ.૮૧૯.૫૦ રહી, અંતે રૂ.૯૯ વધી રૂ.૯૬૦ થયો હતો.

ચાંદી એપ્રિલ રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૩૦૬.૫૦ના ભાવે ખૂલી, રૂ.૨૫ વધી રૂ.૧,૩૨૮ થયો હતો, જ્યારે ચાંદી-મિની એપ્રિલ રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૨૪૪ના ભાવે ખૂલી, રૂ.૧૫ વધી રૂ.૧,૨૯૪ થયો હતો. સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોન્ટ્રેક્ટ દીઠ જસત એપ્રિલ રૂ.૨૨૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧.૫૪ ઘટી રૂ.૧.૬૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૬,૮૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૭૪.૯૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૧૧.૮૦ અને નીચામાં રૂ.૧૭૪.૯૦ ના મથાળે અથડાઈ, રૂ.૧૯.૮૦ વધી રૂ.૧૮૪.૮૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ એપ્રિલ રૂ.૧૫૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૮.૮૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૦.૫૦ અને નીચામાં રૂ.૮.૮૦ રહી, અંતે રૂ.૧.૫૫ વધી રૂ.૧૦.૩૫ થયો હતો.

સોનું મે રૂ.૬૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૯૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૦૦ અને નીચામાં રૂ.૨૫૦ના મથાળે અથડાઈ, રૂ.૨૧ ઘટી રૂ.૨૭૨ થયો હતો, જ્યારે સોનું-મિની એપ્રિલ રૂ.૬૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૦૭ ખૂલી, ઊપરમાં રૂ.૨૩૯ અને નીચામાં રૂ.૧૮૭ રહી, અંતે રૂ.૩.૫૦ વધી રૂ.૨૧૨ થયો હતો.

ચાંદી એપ્રિલ રૂ.૭૪,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૨૦૦ના ભાવે ખૂલી, રૂ.૩૨.૫૦ વધી રૂ.૧,૨૧૫ થયો હતો, જ્યારે ચાંદી-મિની એપ્રિલ રૂ.૭૪,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૧૬૯.૫૦ના ભાવે ખૂલી, રૂ.૭૨ વધી રૂ.૧,૧૭૩ થયો હતો. તાંબુ એપ્રિલ રૂ.૭૬૫ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલો દીઠ રૂ.૦.૪૩ વધી રૂ.૧૬.૧૦ થયો હતો.

નિર્મલ મેટ્રો

તંત્રીની કલમે....

કથિત શરાબ કૌભાંડમાં ધરપકડ કરાયેલા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના પ્રસ્થાપિત પરંપરાથી અલગ થઈને જેલમાંથી સરકાર ચલાવવાના નિર્ણયે એક નવો વિવાદ અને નવી ચર્ચાને જન્મ આપ્યો છે. વિવાદ એટલા માટે છે કારણ કે ભૂતકાળમાં જ્યારે પણ આવી સ્થિતિ ઊભી થઈ ત્યારે સંબંધિત મુખ્ય પ્રધાને કસ્ટડીમાં લેતા પહેલા રાજીનામું આપ્યું હતું. તે મુખ્ય પ્રધાનોના રાજીનામા રાજકીય શુદ્ધતા અને બંધારણીય ગૌરવને બચાવવા માટે નૈતિક દબાણથી પ્રેરિત હતા. પરંતુ કેજરીવાલના વલણથી તેમના વિરોધીઓને તેમના પર હુમલો કરવાની તક મળી છે. તેમનો આરોપ છે કે મુખ્યમંત્રી પૂછપરછ માટે EDની કસ્ટડીમાં છે, તો તેમની પાસે લેખન સામગ્રી ક્યાંથી મળી કે તેઓ તેમના મંત્રીઓને સૂચનાઓ આપી રહ્યા છે? હવે તેણે આ મામલે તપાસની માંગ કરી છે. દેખીતી રીતે, સામાન્ય ચૂંટણીની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે, કેજરીવાલ અને તેમની પાર્ટીના વર્તમાન સ્ટેન્ડ પાછળનું કારણ દિલ્હી અને દેશના મતદારોને એ સંદેશ આપવાનું છે કે મુખ્ય પ્રધાન જેલના સળિયા પાછળ પણ તમારા હિત માટે સક્રિય છે, જ્યારે ભાજપ અને એનડીએ તેમના પગલાને અનૈતિક ગણાવવાનો સમગ્ર પ્રયાસ છે.

રાજકીય આક્ષેપો અને પ્રતિ-આક્ષેપોથી પરે, આ એપિસોડે દેશ અને સમાજમાં ચર્ચા માટે એક ગંભીર મુદ્દો રજૂ કર્યો છે, કારણ કે બંધારણ આ બાબતે મૌન છે. બંધારણ કહે છે કે એક મંત્રી પરિષદ હશે, જે શાસન સંબંધિત નિર્ણયો લેશે અને મંત્રી પરિષદના વડા મુખ્યમંત્રી હશે. મંત્રીમંડળની બેઠકની અધ્યક્ષતા માટે મુખ્યમંત્રીની હાજરી માટે કોઈ ફરજિયાત નથી, મંત્રીમંડળના સૌથી વરિષ્ઠ મંત્રી આ જવાબદારી નિભાવી શકે છે. આવી સ્થિતિમાં, સરકારના રોજિંદા કામકાજમાં તાત્કાલિક કોઈ વિક્ષેપ નહીં આવે. પછી જેલ મેન્યુઅલ પણ અન્ડરટ્રાયલ કેદીઓને અઠવાડિયામાં એકવાર મળવાની તક આપે છે અને એવી પણ જોગવાઈ છે કે તમામ કેદીઓ તેમના સંબંધીઓ, સાથીઓ, કાયદાકીય સલાહકારોને પંદર દિવસમાં એકવાર પત્ર લખી શકે છે. આવી સ્થિતિમાં સ્વાભાવિક પ્રશ્ન એ છે કે જો આ મામલો લાંબો સમય ચાલશે તો શું આ વિધાનસભાની બાકીની મુદત માટે દિલ્હી સરકાર જેલમાંથી ચાલશે?

અલબત્ત, કેન્દ્ર અત્યારે આ સ્થિતિને લઈને કોઈ નીતિગત નિર્ણય લઈ શકે નહીં, કારણ કે સામાન્ય ચૂંટણીની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. પરંતુ આ કથિત કૌભાંડમાં તપાસ એજન્સીઓની કાર્યક્ષમતા પર પણ સવાલો ઉઠી રહ્યા છે. ઘણા લોકો પૂછી રહ્યા છે કે આટલા મહિનાઓ પછી પણ આ કેસની સુનાવણી કેમ શરૂ નથી થઈ? નૈતિકતાનો કોઈ પ્રશ્ન એકતરફી નથી. કોઈ બીજા પાસેથી નૈતિકતાની અપેક્ષા રાખતી વખતે, વ્યક્તિએ મજબૂત નૈતિક આધાર પર ઊભા રહેવું જોઈએ, નહીં તો તેનું કોઈ મૂલ્ય નથી. કમનસીબે, તાજેતરના સમયમાં આપણા સમગ્ર રાજકીય વાતાવરણમાં સૌથી વધુ પડતી એક વસ્તુ નૈતિકતા છે. તેથી, આગામી સંસદ આવા મુદ્દાઓ પર કાનૂની સ્થિતિ સ્પષ્ટ કરે તેવી અપેક્ષા રાખવામાં આવશે. આવી ગંભીર બાબતોમાં, જ્યાં ચૂંટાયેલી સરકારની કામગીરી પર ધરપકડથી આંશિક અસર થતી હોય છે, ત્યાં તપાસ એજન્સીઓની જવાબદારી પણ નક્કી થવી જોઈએ. આનાથી તેમની નિષ્પક્ષતા તો મજબૂત થશે જ પરંતુ બદલાની રાજનીતિનો અવકાશ પણ ઘટશે. આ ચર્ચાને કાયદાકીય નિષ્કર્ષ પર લઈ જવા માટે નવી સંસદમાં પક્ષકારો વચ્ચે સર્વસંમતિ હોવી જરૂરી છે.

બંગાળની કૃષ્ણનગર બેઠક પરથી રાજમાતા અમૃતા રોયને ઉમેદવાર બનાવ્યાં

એજન્સી દ્વારા

નવી દિલ્હી,તા.૨૭

ભાજપે પશ્ચિમ બંગાળની કૃષ્ણનગર બેઠક પર હુકમનો એક્કો ઉતાર્યો છે. ભાજપે પશ્ચિમ બંગાળની કૃષ્ણનગર બેઠક પરથી રાજમાતા અમૃતા રોયને પોતાના ઉમેદવાર બનાવ્યા છે, જેઓ ટીએમસીના મહુઆ મોઈત્રા સાથે ટક્કર કરશે. ભાજપના આ નિર્ણયથી પશ્ચિમ બંગાળના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.

ભારતીય જનતા પાર્ટીએ ૨આગામી લોકસભા ચૂંટણી માટે ઉમેદવારોની પાંચમી યાદી બહાર પાડી, જેમાં ૧૧૧ ઉમેદવારોના નામ જાહેર કરાયા છે. ભાજપે પશ્ચિમ બંગાળની કૃષ્ણનગર બેઠક પરથી રાજમાતા અમૃતા રોયને પોતાના ઉમેદવાર બનાવ્યા છે, જેઓ ટીએમસીના મહુઆ મોઈત્રા સાથે ટક્કર કરશે. આ બેઠક પશ્ચિમ બંગાળની મહત્વપૂર્ણ બેઠકોમાંથી એક છે. ભાજપના આ નિર્ણયને મહુઆ મોઈત્રા વિરુદ્ધ ટ્રમ્પ કાર્ડ માનવામાં આવી રહ્યું છે.

વિશ્વની સૌથી મોટી લોકશાહીની લોકસભાની ચૂંટણીમાં આ વખતે મહારાજા કૃષ્ણચંદ્રનું નામ રાજકારણ સાથે સીધું જોડાઈ રહ્યું છે. અમૃતા રોય કૃષ્ણનગરના પ્રતિષ્ઠિત રાજબારી (રોયલ પેલેસ)ની રાજ માતા છે. તેમની સંભવિત ઉમેદવારી અંગે છેલ્લા કેટલાક દિવસોથી અટકળો ચાલી રહી હતી.

અમૃતા રોય ૨૦ માર્ચે ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા હતા. તેમણે બંગાળના વિપક્ષી નેતા સુવેન્દુ અધિકારીની હાજરીમાં ભાજપની સદસ્યતા મેળવી હતી. અમૃતા રોય કૃષ્ણનગરથી ચૂંટણી મેદાનમાં છે. નાદિયા જિલ્લાના ઈતિહાસમાં રાજા કૃષ્ણચંદ્રનું યોગદાન સૌ કોઈ જાણે છે. કૃષ્ણનગર રાજવી પરિવારની ભૂમિકા આજે પણ યાદ કરવામાં આવે છે. ચૂંટણી નિષ્ણાતો માને છે કે અમૃતા રોયની ઉમેદવારીથી ભાજપને પ્રોત્સાહન મળશે અને તે મહુઆ મોઈત્રાને પણ ટક્કર આપી શકશે. ભાજપના સૂત્રોના જણાવ્યા અનુસાર, જિલ્લા નેતૃત્વએ પહેલા અમૃતાને ઉમેદવાર બનાવવામાં રસ દાખવ્યો અને પછી પાર્ટીએ તેમની સાથે વાતચીત શરૂ કરી. એવું કહેવામાં આવ્યું હતું કે ઘણા રાઉન્ડની વાતચીત પછી અમૃતા ઉમેદવાર બનવા માટે રાજી થયા હતા.

TMC નેતા મહુઆ મોઈત્રા ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં કૃષ્ણનગર બેઠક પરથી જીત્યા હતા. તેમને ૬૧૪૮૭૨ વોટ મળ્યા, જ્યારે બીજેપીના કલ્યાણ ચૌબેને કુલ ૫૫૧૬૫૪ વોટ મળ્યા. મહુઆ મોઈત્રા ૬૩૨૧૮ના જંગી માર્જિનથી જીત્યા હતા. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં મહુઆની જીતનું કારણ ચોપરા, પલાશીપારા અને કાલીગંજ મતવિસ્તાર હતા. મહુઆને આ ત્રણેય વિધાનસભામાંથી જંગી મત મળ્યા છે. છેલ્લા પાંચ વર્ષમાં કાલીગંજ વિધાનસભામાં ભાજપનું સંગઠન ઘણું મજબૂત બન્યું છે.

આ ઉપરાંત ભાજપ એ હકીકત પર પણ વિચાર કરી રહી છે કે છેલ્લા કેટલાક મહિનામાં ટીએમસીની સંગઠનાત્મક તાકાત તે વિસ્તારમાં નબળી પડી છે. આ ચૂંટણીઓ દરમિયાન, શાસક પક્ષમાં ભ્રષ્ટાચાર અને લડાઈના આરોપો ચૂંટણીના દષ્ટિકોણથી ટીએમસી માટે મુશ્કેલ સાબિત થઈ શકે છે. ભાજપના સૂત્રોના જણાવ્યા અનુસાર, વોટ માર્જિન વધારવા માટે 'રાજમાતા ' જેવા સ્થાનિક, પ્રભાવશાળી અને પરિચિત ચહેરાને મેદાનમાં ઉતારવાનું વિચારવામાં આવી રહ્યું છે.

નિસંતાનઃપણા માંથી મુક્તિ મેળવો

ડૉ. શ્રીરામ વૈદ્ય
Mob: ૯૮૨૫૦૦૯૨૪૧
Email:
sgvaid19@outlook.com

આજકાલતો વંધ્યત્વના કારણથી શોધી કાઢવા માટે અનેક આધુનીક તપાસો ઉપલબ્ધ છે, જેવીકે સીમન એનાલીસીસ ઈસ્ટ્રોજન, પ્રોજેસ્ટેરોન લેવલ, LH, FSH લેવલ, એન્ડોમેટ્રિયલ બાયોપ્સી HSG, X-RAY, સોનોગ્રાફી, ઓવ્યુલેશન ચાર્ટ વગેરે.જેના દ્વારા શુક્રાણુકે સ્ત્રીબીજ બંનેમાંથી એક અથવા બંને દોષિત છે કે નહીં તેની તપાસ કરાવી શકાય છે. ચિકિત્સક પોતે નક્કી કરે છે કે ક્યાં ટેસ્ટ કરાવવા જરૂરી છે. મારે ત્યાં આવતા એક યુગલનો આ બાબતનો ઈલાજ ચાલુ છે તેઓ દેશ વિદેશમાં અનેક તપાસ કરાવી આવ્યા હતા. બધા રિપોર્ટ નોર્મલ આવે, શુક્રાણુની અલ્પતા જણાયા કરે. મારી ચિકિત્સામાં નક્કી કર્યુકે એન્ટી સ્પર્મ એન્ટીબોડીની તપાસ કરાવતા પરિણામ આવ્યું કે બંનેના લોહીમાં એન્ટી સ્પર્મ એંટીબોડીઝ ઓછાવત્તા પ્રમાણમાં હાજર હતા.આધુનિક તપાસ આવા કેસમાં પાયાનો ભાગ ભજવે છે એ મારો પોતાનો અનુભવ છે.

શ્વેતપ્રદર, રક્તપ્રદર, પાડુંતા સ્ત્રીઓને વારંવાર થતો ગર્ભપાત વગેરે કારણો માટેપણ આ ટીકડીના સેવનથી જરૂર ગર્ભધારણ થાય છે.અને ગર્ભાવસ્થા દરમિયાન કોઇ તકલીફ રહેતી નથી.

એક ગર્ભાધારણ શક્તિ વર્ધક ટીકડીઃ જેના મુખ્ય ઘટક દ્રવ્યો છે. સુવર્ણ ભસ્મ, બંગભસ્મ, રૌપ્યભસ્મ, ત્રિબંગભસ્મ, લોહભસ્મ, પ્રવાલપિસ્ટી, શ્વેતચંદન, નાગચંપો, શતાવરી આ અક્સીર ટીકડી પુરૂષમાં અલ્પવિર્યતા, વિકૃતિવિર્યતા. શુક્રાણુ અલ્પતા વગેરે વીર્યદોષો નાબૂદ થઈ પુરૂષ વીર્યશીલ બને તેવા ઘણા યોગો છે. આ ટીકડીમાં રહેલા મુખ્ય ઘટક દ્રવ્યો ઉપરાંત અભ્રકભસ્મ, લોહભસ્મ, રસસિંદુર અને વધુમાં સુવર્ણ મકરધ્વજ ષોડષગુણ અનુપાન ઉમેરેલ છે એ જોસ્પર્મિયા, ઓલીગોસ્પર્મીય, ઈંદ્રિયોમાં શિથિલતા જેવા અસાધ્ય ગણાતા રોગોમાં પણ વિશેષ કામ કરી આપી શુક્રાણુના કાઉન્ટ વધારે છે.

સ્ત્રીઓની વંધ્યત્વની સમસ્યા માટે ખૂબજ સફળ પુરવાર થયેલ દવાઓ વિશે જણાવું છું આ દવાઓથી વંધ્યત્વ, ગર્ભસ્રાવ, ઋતુચક્ર સાફ ન આવવું, ગર્ભ ન રહેવો, મરેલુ બાળક આવતું હોય, તો તે મટી સ્ત્રી ગર્ભધારણ કરે છે. ૪૦ વર્ષની ઉપરની સ્ત્રીઓના વંધ્યત્વમાં પણ આ દવાઓ અકસીર પુરવાર થઈ છે. લક્ષણો કેટલા પ્રમાણમાં છે તે ઉપરથી દવાઓનું સેવન કરવાનું કહેવામાં આવે છે. દવાના મુખ્ય ઘટક દ્રવ્યોઃ કમળકાકડી, અશ્વગંધા, જેઠીમધ, ત્રિફળા, દેવદાર, ઉલટકમલ, શિવલીંગનાબીજ, પુત્રજીવકના બીજ, બીજોરાના બીજ, બંગભસ્મ, લોહભસ્મ,પારસ પીપળાના બીજ, સુખડ, નાગકેસર (અસલી), સરપંખો, ભસ્મોને જુદી રાખી વનસ્પતિઓનું બારિક ચૂર્ણ કરી સર્વ સાથે મેળવીને નીચેની ચીજોના રસ કે કવાથની એક-એક ભાવના દેવી. ગુણધર્મોઃ સ્ત્રીબીજનું ઉત્પાદન વધારી સમયસર ઓવરીમાંથી બહાર પાડે. સરવાઈકલ મ્યુકસને પાતળું બનાવે. જેથી શુક્રાણુ સહેલાઈથી ગર્ભાશયના મુખ સુધી પહોંચી સ્ત્રીબીજ ન બનતું હોય્ય તેવી સ્ત્રીઓમાં આ ગોળીમાં રહેલ બીજોરાના બીજ સ્ત્રીબીજ બનાવવા સહાયભૂત થાય છે. ગર્ભાશયની આકુંચન સંકુચનની ક્રિયાને ગતિમય બનાવે (ગર્ભાધારણ થતાં પહેલા) જેથી, સ્ત્રીબીજ, પુરુષબીજ આસાનીથી ફળદ્રુપ બની શકે ગર્ભના ધારણ થયા પછી ગર્ભાશયની ક્રિયા નિયમિત રાખે.આમ કરતાં ગર્ભાશયમાં જવા માટે શુક્રાણુના માર્ગમાં જે અવરોધ હોય તેને દૂર કરે છે. આ ઔષધના ઘટક દ્રવ્યોનું એટલુ સુંદર સંયોજન કરેલુ છે કે ગર્ભાધારણ થવા માટેના ચારેય ક્ષેત્રમાં તે ઉપયોગી નિવડે છે. પિટ્યુટરીગ્રંથીના અંતસ્ત્રાવને પણ સપ્રમાણ બનાવે અને લોહીમાં ફરતા અયોગ્ય તત્વોને દૂર કરી પોતાની કાર્યશિલતા વધારે છે. ઘણી સ્ત્રીઓમાં રક્તસ્ત્રાવ, આર્તવદોષમાં જ તકલીફ હોય છે. તે પણ આ ટીકડીનુ સેવન, ઉલટકમલના કવાથ સાથે વૈધની સૂચના મુજબ કરવાથી ચોક્ક્સ લાભ થાય છે. અને ન્ૐ, હ્લજીૐ તથા ઈસ્ટ્રોજન પ્રોજેસ્ટેરોનના લેવલને પણ રક્તમાં સપ્રમાણીત રાખે છે. શ્વેતપ્રદર, રક્તપ્રદર, પાડુંતા સ્ત્રીઓને વારંવાર થતો ગર્ભપાત વગેરે કારણો માટે પણ આ ટીકડીના સેવનથી જરૂર ગર્ભધારણ થાય છે અને ગર્ભાવસ્થા દરમિયાન કોઇ તકલીફ રહેતી નથી.

સ્પેસ્યલ રસાયણઃ જ્યંતી (અરણી) , ના રસ અને ગંધકના યોગથી બનાવેલી મોટી ભસ્મ ૧ તોલો ગંધકના યોગથી મારિત સુવર્ણ ભસ્મ ૨ તોલા , કાંત લોહ ભસ્મ ૩ તોલા , અભ્રખ સત્વ ભસ્મ ૪ તોલા, શુદ્ધ ગન્ધક અને ફુલાવેલો ટક્ણખાર ૪-૪ તોલા મેળવી આદુના રસમાં ૨૦ દિવસ ખરલ કરવું, (આદુનો સ્વરસ ૨-૩ કલાક પડી રહે ત્યારે નીચે સફેદ સત્વ બેસી જાય છે. પછી સંભાળપૂર્વક ઉપરથી પાતળુંપ્રવાહી ગાળીને ઉપયોગમાં લેવું) પછી સર્વ ચુર્ણના સમાન શુદ્ધ પર અને ગન્ધકની પર્પટી મેળવી બકરીના દૂધમાં એક દિવસ ખરલ કરી ૨-૨ રતિની ગોળીઓ બનાવી લેવી. માત્રાઃ ૨-૨ રતિ દિવસમાં એકવાર મધ અને પીપર સાથે લેવી. ઉયોગઃ આ રસાયણ શીતવર્ય નિર્બળતાનાશક અને આયુષ્યવર્ધક છે, સ્મરણશક્તિ વધે છે. આનન્નં સેવનથી વૅધ્યને પુત્રપ્રાપ્તિ થાય છે. સ્ત્રીઓના નગોદર અને ઉપવિષ્ટક (ગર્ભાશયના ગર્ભ સુકાય જવો અથવા ચોંટી જવો) ને જલ્દી દૂર કરે છે. સગર્ભાના સર્વરોગોને દૂર કરીને ગર્ભને બળવાન બનાવે છે. અનુપાન, વાંસકપૂર માખણ અને પસાકર સાથે.

ગર્ભધારક યોગઃ રસસિંદૂર, જાયફળ, જાવન્તરિ, લવિંગ, કપૂર, કેસર અને રસવંતી એ બધાને સરખે ભાગે મેળવી શતાવરીના ક્વાથમાં ત્રણ દિવસ ખરલ કરી ૧-૧ રતિની ગોળીઓ બનાવી લેવી. ઉપયોગઃ માસિકધર્મ આવ્યા બાદ ચોથા દિવસમાં ૨ વાર ૩ દિવસ સુધી ૧ થી ૨ ગોળી ખાયને ઉપર દૂધ પીવું આ પ્રકારે ૩ ઋતુપર્યન્ત ખાવાથી ગર્ભધારણ થઈ શકે છે.

સનતાનકારક ઉપાયોઃ બલદાણા, સાકર, જેઠીમધ, ખપાટ, વડવાઈના અગ્રના કુણા ભાગ અને નાગકેસર ને મધ, દૂધ તથા ઘીમાં વાટી પીધા હોય તો વાંઝણી સ્ત્રી પણ અવશ્ય પુત્રને પ્રસવે છે. ઋતુ પછી નાહેલી સ્તર પુષ્ય નક્ષત્રમાં કાઢેલા ધોળી ભોરીંગણીના મૂળને કુંવારી કન્યાના હાથે દૂધમાં વટાવી જો પીવે તો તે અવશ્ય ગર્ભધારણ કરે છે. પીળા ફુલવાળા ખાટાં એશળિયાના મૂળ, ધાવડીના ફૂલ, વડવાઈના કુણા અગ્રભાગ અને કાળા કમળને દૂધમાં વાટી જો પીવાય તો અવશ્ય તે ગર્ભ આપે છે. કૌચાના મૂળ અને કાંઠાનો ગર્ભ દૂધમાં ઘૂંટી આપવાથી ગર્ભ ધારણમાં મદદ કરે છે. શિવલિંગ, ભલભીંગ, પારસ પીપળો એ દરેક અડધો તોલો, જીરું એ એક તોલો, બદામ બે તોલા, સાકર ચાર તોલા, સર્વને ભેગા કરી તેની લાડુડી કરવી આ લાડુડી ગર્ભધારણ કરવા માટે ઉપયોગી છે. ગર્ભ પડી જતો હોય તો તેનું સ્તમ્ભન કરવામાં તે કામ લાગે છે. ગર્ભ વારંવાર પડી જતો હોય તો, ગર્ભધારણ થવામાં તકલીફ રહેતી હોય તો આ યોગ શક્તિવર્ધક હોવાની સાથે સાથે ગર્ભધારક કરાવનાર યોગ પણ છે.

રેડીસન બ્લુ પેલેસ રિસોર્ટ એન્ડ સ્પા, ઉદયપુર અક્ષય કુમારને આવકાર આપે છે

એજન્સી દ્વારા

ઉદયપુર ખાતેની રેડીસન બ્લુ પેલેસ રિસોર્ટ એન્ડ સ્પા રેડીસન હોટેલ્સની વિશ્વની અગ્રણી આંતરરાષ્ટ્રીય શ્રૃંખલાની અનેક ઉત્કૃષ્ટ પ્રોપર્ટીમાંની છે જેણે બોલિવુડના અક્ષય કુમારને ઉષ્માભર્યો આવકાર આપ્યો છે. સુપરસ્ટાર આ રાજમહેલ જેવી ભવ્ય પ્રોપર્ટીમાં તેમના આગામી મુવી ખેલ ખેલ મેમાં બે સપ્તાહ સુધી રોકાશે.

આ પ્રોપર્ટી સુપરસ્ટાર અને અનેક અભિનેતાઓની કાસ્ટને આવકારે જેમાં તાપસી પન્નુ, વાણી કપૂર, ફરદીન ખાન, આદિત્ય સિયેલ અને કિરણ કુમારનો સમાવેશ થાય છે. તેઓ આ મહેલમાં ફિલ્મના કેટલા અગત્યના શૂટ માટે રોકાશે જેમાં કુદરતી દેખાવ અગત્યનો છે અને શાહી અને સમકાલીન ઈન્ટેયરિયર્સ અને કુદરતી વિપુલતાનું સંતુલન કરતા અંશોની જરૂરિયાત છે.

આ ટીમ એવી ખાતરી કરવા માટે કેન્દ્રિત પ્રયત્નો કરી રહ્યા છે જેથી સેલિબ્રિટીઓનું રોકાણ સરળ બની શકે. કડક સુરક્ષા જાળવતા આ પ્રોપર્ટી ક્રૂની સુરક્ષા અને ગોપનીયતા સુનિશ્ચિત કરવા માટે જરૂરી તમામ પગલાંઓ અનુસરી રહી છે.

મારા બુદ્ધપુરુષનો સાંકેતિક આદેશ હતો એટલે કથા કરું છું

ચોથા દિવસની કથા આરંભે એક પ્રશ્ન હતો કે સૃષ્ટિ ક્યારે ઉત્પન્ન થઈ?એને ધારણ કરનાર કોણ છે અને જગતનું સંચાલન કરનાર અધ્યક્ષ કોણ છે?બાપુએ કહ્યું કે આપને વિનય કરું કે શોધો,થોડુંક સંશોધન કરો ઋગ્વેદમાં એક નાસદીય સૂત્ર છે જે વિજ્ઞાન અને અધ્યાત્મનો સમન્વય એવો કરે છે કે વિશ્વમાં એવું કોઈએ કર્યું નથી-એ સૂત્રમાંથી આપને આ જવાબો મળી રહેશે.આ જગતને કોણે ઉત્પન્ન કર્યું એની કોઈને ખબર નથી.કોણે ધારણ કર્યું એ પણ કોઈને ખબર નથી.હું આ સૂત્ર મુજબ કહું છું.બાપુએ જણાવ્યું કે હું કથા શું કામ કરું છું?હું બીજા કામ પણ કરી શક્યો હોત!તુલસીદાસજીએ પોતાના વિશે કહ્યું કે મારું મન રાંક છે અને મારો મનોરથ રાજા છે શા માટે કથા કરું છું?કારણ કે મારા અંતઃકરણને સુખ આપવા માટે-સ્વાન્તઃ સુખાય-એ તુલસીનો પહેલો મનોરથ છે,બીજો મનોરથ મનને બોધ આપવા માટે અને મારી વાણીને પવિત્ર કરવા માટે કથા કરું છું.તુલસીને આટલા મનોરથ હોય તો આપણે જીવ છીએ.મારે ઘણા જ મનોરતો હશે મારું ગુજરાન થઈ જાત,પણ શું કામ કથા કરું છું? બાપુએ

ગાંધીજીનો ઓરિસ્સાનો કિસ્સો કહ્યો કે જ્યાં વસ્ત્ર વગર લોકો હેરાન થતાં જોઈ અને ગાંધીબાપુએ વસ્ત્ર ત્યાગ અને ખાદી વણવાની શરૂઆત કરી.મારા ઘણા મનોરથમાં એક મનોરથ છે મારા બુદ્ધપુરુષનો સાંકેતિક આદેશ હતો.છેલ્લા ત્રણ દિવસની બીમારીમાં એનો જમણો હાથ ઊંચો થયો, બેટા!તું રામ ગુણગાન ગાજે.એના આદેશથી કથા કરું છું,કોઈની ફરમાઈશથી કરતો નથી.કથા મારો શ્વાસ પણ છે વિશ્વાસ પણ છે.પોથીના પાનાથી જીવું છું,ફેફસાથી નહીં.દાદાની કૃપાથી રામને થોડો જાણ્યો અને થોડો માણ્યો છે એ વહેંચવા કથા કરું છું.રહેવાતું નથી એટલા માટે કથા કરું છું.કદાચ મારા શ્રોતાઓમાં વિશેષ સત્ય,પ્રેમ અને કરુણા પ્રગટ થાય એટલા માટે કથા કરું છું.આપણા જીવનકાળમાં જોયું છે અકારણ કેટલા બધા અત્યાચારો થયાં, એના પ્રાયશ્ચિત રૂપે કથા કરું છું.અને ઘણા બધા માધ્યમો છે પણ રામને કોઈએ પ્રધાનતા નથી આપી એટલા માટે કથા કરું છું.બાપુએ કહ્યું હનુમાનજીના જીવનમાં આઠ મનોરથ છે એવું આનંદ રામાયણ કહે છેઃ રામનામ,રામકામ, ચિત્તમાં રામનુંધામ,રામશ્રવણ,રામસેવા,રામ દર્શન, બીજાનું પ્રાણબળ વધારવું,સાધુ-સંતોનું રક્ષણ અને દુરિતનો નાશ કરવો એ મનોરથો હનુમાનજીના છે. આનંદ રામાયણ કહે છે કે હનુમાનજીનો આશ્રય કરવાથી શરીરમાં રોગ રહેતો નથી,વાણીનો ધોધ છૂટે છે અને કંઠમાં અમૃતનો વાસ થાય છે. હનુમાનજી સાથે આઠનો અંક ઘણીબધી રીતે જોડાયેલો છે. રામચરિત માનસમાં ઘણા પાત્રો મળે છે કોઈનો મનોરથ કામપ્રધાન,કોઈનો દુષ્ટતા ભરેલો,કોઈનો રજોગુણી મનોરથ.પણ કૌશલ્યાનો મનોરથ ગુણાતિત છે.આપણે મનોરથ કરવાને બદલે આપણો બુદ્ધપુરુષ આપણા માટે મનોરથ કરે એ બીજ પકડી લઈએ.આજે રામ જન્મના કારણો અને વિવિધ હેતુઓની ચર્ચા કરી સમગ્ર વિશ્વને રામજન્મની વધાઈ સાથે કથાને વિરામ અપાયો.

આનંદ મહિન્દ્રા તરફથી મહિન્દ્રા યુનિવર્સિટી માટે એક અભૂતપૂર્વ સંકલ્પની જાહેરાત

એજન્સી દ્વારા

મહિન્દ્રા યુનિવર્સિટી આગામી પાંચ વર્ષમાં (નાણાંકીય વર્ષ ૨૦૨૫થી નાણાંકીય વર્ષ ૨૦૨૯ સુધી) રૂ. ૫૦૦ કરોડની શ્રી આનંદ મહિન્દ્રા તથા તેમના પરિવારની અભૂતપૂર્વ વ્યક્તિગત સંકલ્પની જાહેરાત કરતા આનંદ અનુભવે છે. યુનિવર્સિટી નવી શાખાઓમાં વિસ્તરણ કરી રહી છે ત્યારે આ ઉમદા સંકલ્પ તેના માટે મહત્વનો રહેશે. તે સમાવેશક અને ટકાઉ પ્રગતિ માટે પ્રતિબદ્ધ હોય તેવા વિવિધ કુશળતા ધરાવતા લીડર્સને તાલીમ આપવા તથા બહુવિધ વિષયોમાં શૈક્ષણિક ઉત્કૃષ્ટતા માટે પ્રયાસો કરવાના મહિન્દ્રા યુનિવર્સિટીના મિશનને આગળ ધપાવવામાં મદદ કરશે.

આ ઉપરાંત, શ્રી મહિન્દ્રાએ નાણાંકીય વર્ષ ૨૦૨૫માં ઈન્દિરા મહિન્દ્રા સ્કૂલ ઓફ એજ્યુકેશન માટે રૂ. ૫૦ કરોડનો પ્રતિબદ્ધ સંકલ્પ કર્યો છે. શિક્ષિકા (અને શ્રી મહિન્દ્રાના માતા) એવા સુશ્રી ઈન્દિરા મહિન્દ્રાની યાદમાં નામ રખાયેલી આ સ્કૂલ એજ્યુકેશનલ રિસર્ચ, પ્રેક્ટિસ અને ઈનોવેશનમાં સેન્ટર ઓફ એક્સીલન્સ બનવાની આકાંક્ષા ધરાવે છે.

રૂ. ૫૫૦ કરોડનો આ સંયુક્ત સંકલ્પ ભારતમાં મહિન્દ્રા યુનાઈટેડ વર્લ્ડ કોલેજ ઈન્ડિયા અને મહિન્દ્રા ઈન્ટરનેશનલ સ્કૂલ સહિતની શ્રી મહિન્દ્રા દ્વારા સમર્થિત અનેક શૈક્ષણિક પહેલ પૈકીની નવતર પહેલ છે. ૧૯૯૬માં તેમણે નન્હીં કલી પ્રોગ્રામ શરૂ કર્યો હતો જેણે છેલ્લા બે દાયકામાં ૭,૦૦,૦૦૦થી વધુ વંચિત છોકરીઓને ઉચ્ચ ગુણવત્તાના શિક્ષણની સુવિધા પૂરી પાડી છે.

Printed, Published and Owned by NARENDRA G. JOSHI and Printed at Bhoomi Offset Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, AHMEDABAD - 380002 and published from H-115/991, Nirmal Appartments, Opp. Jaymangal BRTS Bus Stop, 132' Ring Road, Naranpura, AHMEDABAD-380 063. Editor- NARENDRA G. JOSHI.

તમને સ્તન કેન્સર ફરી થયુ છે તેની ૫ નિશાનીઓ

વિશ્વભરમાં મહિલાઓ દ્વારા સામનો કરવામાં આવતા સ્તન કેન્સર મોટે ભાગે જોવા મળતી અને ડરામણા આરોગ્ય પડકારોમાંનો એક છે. નિદાનમાં અને સારવારમાં થયેલી પ્રગતિએ પરિણામોમાં નોંધપાત્ર સુધારો કર્યો છે, ત્યારે જેમણે સ્તન કેન્સરનો સામનો કર્યો હતો તેમને માટે ફરી થવાની ભારે ચિંતા સતાવી રહી છે. મેટાસ્ટેટિક સ્તન કેન્સર કે જે તબક્કો/ ૪ તરીકે જાણીતુ છે તે આ રોગનું અત્યંત એડવાન્સ્ડ સ્વરૂપ દર્શાવે છે. જ્યારે દર્દીઓ તેમની ફોલો-અપ સારવાર લઇ રહ્યા હોય ત્યારે ૩૦% દર્દીઓમાં આ રોગ ફરીથવાની ઘટનાઓ છે.

આપણું શરીર વિશિષ્ટ મિકેનીઝમ ધરાવે છે જેના દ્વારા તે પોતાની જરૂરિયાતોનું સંદેશાવહન કરે છે. તંદુરસ્ત જીવન જીવવવા માટે આપણા શરીરને સાંભળવાનું અને શક્ય એટલી વહેલી તકે અસાધારણ ફેરફાર જોવાનું આવશ્યક છે. સ્તન કેન્સરના પુનરાવર્તનની નિશાનીઓને ઓળખી કાઢવી તે સમયસરની દરમિયાનગીરી અને ઈષ્ટતમ પરિણામો માટે અગત્યના છે.

મેટાસ્ટેટિક સ્તન કેન્સરને ખાળતી વખતે જે તે વ્યક્તિ માટે ચેતવણી, યોગ્ય સારવાર અને સતર્કતા જાળવવી જરૂરી છે. સારવારનો હેતુ ફક્ત ફેલાવાને નિયંત્રિત કરવાનો અને લક્ષણો ડામવાનો ન હોવો જોઈએ, પરંતુ જીવનની ગુણવત્તા સુધારવાનો અને અસ્તિત્વને વિસ્તૃત બનાવવાનો હોવો જોઈએ. તેથી ઉપલબ્ધ એડવાન્સ્ડ સારવાર વિકલ્પો વિશે તમના ડૉક્ટર સાથે મુક્ત, વિગતવાર વાતચીત કરવી દર્દીઓ માટે મહત્ત્વની છે.

એ લિટહેમેટો ઓ ક્રો કેર સેન્ટર, અમદાવાદનાકન્સલ્ટન્ટમેડિકલઓન્કોલોજિસ્ટડૉ કૌશલપટેલનાજણાવ્યાઅનુસાર, ''મારા અનુભવ પ્રમાણે ઘણામહિલાઓમાં સ્તન કેન્સરનું પુનરાવર્તન થયુ હોવાના પૂરાવા છે. જે સ્તન કેન્સરના પુનરાવર્તન થવાની ચેતવણી નિશાનીઓ અને લક્ષણો અને તેને મેટાસ્ટેટિકમાં રૂપાંતર થવાની શક્યતાઓને ઓળખી કાઢવાની અગત્યતા પર ભાર મુકે છે. આ સંકેતોની પરિચિતતા જે તે વ્યક્તિઓને સંભવિત ગંભીર ચેતવણીઓ ઓળખી કાઢવા માટે સશક્ત બનાવે છે. મેટાસ્ટેટિક સ્તન કેન્સરનું નિદાન થવુ તે દર્દી સામે નોંધપાત્ર પડકારો રજૂ કરે છે. તેથી દર્દીઓ અને તેમને આરોગ્ય સંભાળ પૂરી પાડનારાઓ વચ્ચે મુક્ત અને વિસ્તૃત વાતચીત કરવાની હિમાયત કરવી આવશ્યક છે. આ મુશ્કેલ યાત્રાને અસરકારક રીતે ખાળવા ઉપલબ્ધ વિકલ્પોને સમજવા અગત્યના છે.''

તપાસ કરવાની ૫ નિશાનીઓ નીચે પ્રમાણે છે:

૧. સતત અને અવર્ણનાત્મક દુઃખાવોઃજો તમને કહી ન શકાય તેવો સતત દુઃખાવો થતો હોય તો તમારે તમારા ઓન્કોલોજિસ્ટની તાત્કાલિક મુલાકાત લેવી જોઇએ. ઝડપી પગલાં લેવાનું મહત્ત્વનું છે કેમ કે તે કદાચ પુનરાવર્તનની નિશાની હોઇ શકે છે. પુનરાવર્તન સાથે સંકળાયેલ દુઃખાવાનો પ્રકાર સામાન્ય ઉપાયોથી હળવો થશે નહી. વધુમાં આ બેચેની સામે અથવા ખાસ કરીને વિવિધ ભાગો જેમ કે સાંધાઓ, પીઠ અથવા બસ્તીપ્રદેશ અને અન્યમાં દુ-ખાવો થતો હોય તો તેની તરફ ધ્યાન આપવું મહત્ત્વનું બની જાય છે.

૨. ગઠ્ઠોઃ ફક્ત માત્ર સ્તનના વિસ્તાર સુધી જ નહી મર્યાદિત નહી રહેતા પરંતુ શરીરના વિવિધ ભાગોમાં નવા ગઠ્ઠો અથવા સોજાની તપાસ કરો. કોઈપણ અસામાન્ય વૃદ્ધિ અથવા સોજા પર ધ્યાન આપો, કારણ કે તે પુનરાવર્તન અથવા મેટાસ્ટેટિક સ્તન કેન્સરના સંભવિત સંકેતો હોઈ શકે છે.

૩. છાતીમાં દુખાવો અને શ્વાસ લેવામાં તકલીફઃ જો તમને શ્વાસની સતત તકલીફ, નસકોરા બોલતા હોયઅથવા છાતીમાં ન સમજાય તેવી અસ્વસ્થતાનો અનુભવ થતો હોય શક્ય એટલી તબીબી સહાય મેળવો કારણ કે ફેફસામાં મેટાસ્ટેસિસ આ લક્ષણોનું કારણ બની શકે છે.

૪. સતત થાક અને નબળાઈઃ એ ધ્યાન રાખવું જરૂરી છે કે પૂરતો આરામ કર્યા પછી પણ ચાલુ રહેતો સતત થાક અને નબળાઈ પુનરાવર્તનનું સૂચક હોઈ શકે છે. ઉચિત પગલાં લેવા માટે, ઉંઘ લેવા છતા પણ સુધારો થતો નથી તેવા સામાન્ય થાક અને થાકની વિસ્તૃત લાગણી વચ્ચેના તફાવતને ઓળખવો મહત્વપૂર્ણ છે.

૫. ન્યુરોલોજીકલ લક્ષણોઃ મેટાસ્ટેટિક સ્તન કેન્સર મગજમાં ફેલાઈ શકે છે, જેના પરિણામે વિવિધ ન્યુરોલોજીકલ લક્ષણો જોવા મળે છે. વારંવાર માથાનો દુખાવો, હુમલા, સંકલન અથવા સંતુલનમાં મુશ્કેલી, યાદશક્તિની સમસ્યાઓ અથવા દ્રષ્ટિ અથવા વાણીમાં ફેરફાર થતો હોય તો તે જુઓ.

કાર્ટૂન કોર્નર

એસએપી ઈન્ડિયન સબકોન્ટિનેટના પ્રેસિડેન્ટ અને મેનેજિંગ ડિરેક્ટર તરીકે મનીષ પ્રસાદની નિમણૂક કરાઈ

એજન્સી દ્વારા

એસએપી એ આજે એસએપી ઈન્ડિયન સબકોન્ટિનેટ માટે મનીષ પ્રસાદદાસની પ્રેસિડેન્ટ અને મેનેજિંગ ડિરેક્ટરની નિમણૂકની ઘોષણા કરી. તે કુલમીત બાવાનું સ્થાન લે છે, જેઓ વિશ્વભરના ગ્રાહકો માટે એસએપી બિઝનેસ ટેક્નોલોજી પ્લેટફોર્મ (**SAP BTP**)ના વિકાસ અને અપનાવવા માટે વૈશ્વિક ભૂમિકા નિભાવે છે.મનીષે ઉમેર્યું, "ભારત તેની ડિજિટલ પરિવર્તન યાત્રામાં એક મહત્ત્વની ક્ષણે છે, જે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવી ઉભરતી ટેક્નોલોજીને અપનાવે છે, જે અભૂતપૂર્વ શક્યતાઓના યુગને ચિહ્નિત કરે છે. હું વૃદ્ધિને વેગ આપવા અને અમારા ગ્રાહકોને બુદ્ધિશાળી, ટકાઉ અને ભાવિ-તૈયાર સાહસો બનવાની તેમની મુસાફરી પર માર્ગદર્શન આપવા માટે અમારી અતિ

પ્રતિભાશાળી ટીમો સાથે કામ કરવા માટે આતુર છું."બેંગ્લોર સ્થિત મનીષ પોલ મેરિયટને રિપોર્ટ કરશે.એસએપીમાં ટેક્નોલોજી વેટર્ન અને સિઝન્ડ બિઝનેસ લીડર, મનીષ મેટલ્સ, માઈનિંગ અને ઓટોમોટિવ ઈન્ડસ્ટ્રીમાં ભારતની કેટલીક અગ્રણી સંસ્થાઓ માટે વ્યૂહાત્મક અને પ્રભાવશાળી પરિણામો પહોંચાડવા માટે જવાબદાર છે. બે દાયકાથી વધુની કારકિર્દી સાથે, તેઓ ઉત્તર અમેરિકા, મધ્ય પૂર્વ, એશિયા અને ઑસ્ટ્રેલિયા સહિત બહુવિધ ભૌગોલિક વિસ્તારોમાં વૈશ્વિક અને પ્રાદેશિક વ્યવસાયોનું નિર્માણ અને સંચાલન કરવાનો અનુભવ ધરાવે છે.

ઘોષણા પર ટિપ્પણી કરતા, એસએપી એશિયા પેસિફિક જાપાનના પ્રેસિડેન્ટ પોલ મેરિયોટે જણાવ્યું હતું કે, ''ભારત ક્ષેત્ર અને વૈશ્વિક સ્તરે એસએપી માટે સૌથી ઝડપથી વિકસતા બજારોમાંનું એક છે અને નવીનતા અને વૃદ્ધિ માટે વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ કેન્દ્ર છે. હું મનીષનું સ્વાગત કરવા માટે ઉત્સાહિત છું, અને મને વિશ્વાસ છે કે બજાર, અમારી ટેક્નોલોજી અને લોકો વિશે તેની ઊંડી સમજણ ભારતમાં વૃદ્ધિના આગલા તબક્કામાં પ્રવેશ કરશે. હું કુલમીતબાવાનો છેલ્લા ત્રણ વર્ષમાં તેમના ઉત્કૃષ્ટ યોગદાન માટે આભાર માનું છું.

અલુવિંડ આર્કિટેક્ચરલ લિમિટેડનો આઈપીઓ ૨૮ માર્ચના રોજ ખુલશે

એજન્સી દ્વારા

અલુવિંડ આર્કિટેક્ચરલ લિમિટેડ, ફેસડ અને ફેનેસ્ટ્રેશન ઉદ્યોગમાં પ્રતિષ્ઠિત ખેલાડીએ ૨૮ માર્ચ, ૨૦૨૪ના રોજ ઈનિશિયલ પબ્લિક ઑફરિંગ સાથે જાહેરમાં જવાની તેની યોજનાની જાહેરાત કરી છે. કંપની આ આઈપીઓના માધ્યમથી રૂ.૨૯.૭૦ કરોડ એકત્ર કરવાનો લક્ષ્યાંક ધરાવે છે, જેમાં શેર એનએસઇ ઈમર્જ પ્લેટફોર્મ પર સૂચિબદ્ધ થવાના છે.

● ઈશ્યુ સાઈઝ–પ્રત્યેક ૧૦ના ૬૬,૦૦,૦૦૦ ઈક્વિટી શેર્સ ● ઈશ્યુ સાઈઝ– રૂ.૨૯.૭૦ કરોડ ● ઈશ્યુ પ્રાઈઝ – ઈક્વિટી શેર દીઠ રૂ.૪૫ ● લોટ સાઈઝ - ૩,૦૦૦ ઈક્વિટી શેર

ઈશ્યુની સાઈઝ પ્રત્યેક રૂ.૧૦ના અંકિત મૂલ્ય પર ૬૬,૦૦,૦૦૦ ઈક્વિટી શેર સુધીની છે.

ઈક્વિટી શેરની ફાળવણી

● નૉન-ઈન્સ્ટિટ્યૂશનલ ઈન્વેસ્ટર્સ (એનઆઈઆઈ) - ૩૧,૩૫,૦૦૦ ઈક્વિટી શેર સુધી

● રિટેલ ઈન્ડિવિડ્યૂઅલ ઈન્વેસ્ટર્સ (આરઆઈઆઈ) - ૩૧,૩૫,૦૦૦ ઈક્વિટી શેર્સ સુધી

● માર્કેટ મેકર – ૩,૩૦,૦૦૦ ઈક્વિટી શેર્સ સુધી

આ આઈપીઓમાંથી મળેલી ચોખ્ખી આવકનો ઉપયોગ કાર્યકારી મૂડીની જરૂરિયાતો અને સામાન્ય કોર્પોરેટ ખર્ચના ભંડોળ માટે કરવામાં આવશે. ઈશ્યુ ૦૪ એપ્રિલ, ૨૦૨૪ના રોજ બંધ થશે.

ઈશ્યુના લીડ મેનેજર કોર્પવિસ એડવાઈઝર્સ પ્રાઈવેટ લિમિટેડ છે. સ્કાયલાઈન ફાઈનાન્શિયલ સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ ઈશ્યુના રજિસ્ટ્રાર છે.

હોન્ડાએ ભારતમાં બનાવેલ SUV Elevateને જાપાનમાં WR-V તરીકે લોન્ચ કર્યુ

ભારતમાં પ્રિમીયમ કારની અગ્રણી ઉત્પાદક એવી હોન્ડા કાર્સ ઈન્ડિયા લિમીટેડએ તેની મેડ-ઈન-ઈન્ડિયા **Hond Elevate**ને બ્રાન્ડ નામ ઉઇ-ફ હેઠળ જાપાનના બજારમાં લોન્ચ કરીને પોતાના ઐતિહાસિક સીમાચિહ્નની ઉજવણી કરી છે.**HCIL**ના બિઝનેસમાં આવુ સૌપ્રથમ વખત બન્યુ છે કે આ મોડેલની ભારતમાંથી જાપાનમાં નિકાસ કરવામાં આવી રહે છે જે ભારતની ઓટોમોટીવ ઉદ્યોગમાં નોંધપાત્ર છલાંગને પ્રદર્શિત કરે છે એટલુ જ નહી પરંતુ દેશની વિકાસ પામી રહેલા ઉત્પાદન શૌર્ય અને વૈશ્વિક સ્પર્ધાત્મકતા પર પણ ભાર મુકે છે. હોન્ડાનો **Elevate**ને ભારતમાંથી જાપાનમાં નિકાસ કરવાનો નિર્ણય કંપનીના તેની ભારતીય પ્રવૃત્તિઓમાંથી ઉચ્ચ ગુણવત્તાવાળી પ્રોડક્ટ્સ વિશ્વભરના ગ્રાહકોને ડિલીવર કરવાનો આત્મવિશ્વાસ

પણ છતો કરે છે. આ પ્રસંગે બોલતા હોન્ડા કાર્સ ઈન્ડિયા લિમિટેડના પ્રેસિડન્ટ અને સીઈઓ શ્રી તુકુયા સુમુરાએ જણાવ્યુ હતુ કે, ''''મેડ-ઈન-ઈન્ડિયા' **Elevate**ને જાપાનમાં ઉઇ-ફ તરીકે લોન્ચ કરવું તે અમારા સૌ માટે ગર્વની ક્ષણ છે. તે અમારા ઉત્પાદન સંભાવના અને હોન્ડા કાર્સ ઈન્ડિયાની હોન્ડાની વૈશ્વિક બિઝનેસ વ્યૂહરચનાઓની વધી રહેલી અગત્યતાને પુનઃપ્રસ્થાપિત કરે છે. તદ્દન નવી **Honda Elevate**ને ભારતીય બજારમાં ભારે પ્રશંસા પ્રાપ્ત થઇ છે અને તે બિઝનેસનો મહત્ત્વનો સ્તંભ પૂરવાર થયો છે. આ સફળતાની નકલ કરવામાં અમે સક્ષમ બનીશુ તેવો અમને આત્મવિશ્વાસ છે અને અમારા વૈશ્વિક ગ્રાહકોને શ્રેષ્ઠ ગુણવત્તા અને ક્રાફટસમેનશિપ સાથે સંતોષ આપી શકીશું.''**Elevate**એ સૌપ્રથમ બજાર તરીકે ભારતમાં પાછલા વર્ષે સપ્ટેમ્બરમાં લોન્ચ કરાયેલ મોડેલ તરીકે વિશ્વમાં સૌપ્રથમ વખત પદાર્પણ કર્યુ છે અને છેલ્લા ૬ મહિનામાં ૩૦,૦૦૦થી વધુ યુનિટો વેચ્યા છે.આ મોડેલનું **Honda WR-V** તરીકે જાપાનમાં ડિસે ૨૩માં અનાવરણ કરવામાં આવ્યુ હતુ અને તેને તેની બોલ્ડ **SUB** ડિઝાઇન સાથે મજબૂત માર્ગ પરની હાજરી, શ્રેષ્ઠ સ્પેસ અને કંફોર્ટ, એડવાન્સ્ડ સેફટી ઓફરીંગ અને રજૂ કરાયેલા સારા ફીચર્સને પસંદ કરતા ગ્રાહકો તરફથી રોમાંચક પ્રતિસાદ મળ્યો હતો.

સ્ટાઈલિશ ડિઝાઈન, કિફાયતી કિંમતઃ પોકો લોન્ચ કરે છે ફક્ત રૂ. ૬૯૯૯માં પોકો સી૬૧

એજન્સી દ્વારા

ટેકનોલોજિકલ ઈનોવેશનમાં ઉત્કૃષ્ટતા માટે ભાર આપવા પ્રત્યે કટિબદ્ધ અગ્રણી ટેકનોલોજી બ્રાન્ડ પોકો દ્વારા આજે તેનું નવીનતમ ડિવાઈસ પોકો સી૬૧ લોન્ચ કર્યાની ઘોષણા કરવામાં આવી હતી. ઉત્તમ કામગીરી, ડિઝાઈન અને ડિસ્પ્લે પ્રદાન કરવા માટે ડિઝાઈન કરાયેલો પોકો સી૬૧ એકંદર સ્માર્ટફોન અનુભવ બહેતર બનાવવા માટે આકર્ષક કિંમતે આકર્ષક ફીચર્સ ઓફર કરવાનો પોકોનો ધ્યેય આલેખિત કરે છે. સ્માર્ટફોન **90 Hz** રિફ્રેશ રેટ, સાઈડ ફિંગરપ્રિંટ સેન્સર અને ૫૦૦૦ દ્વછ૨ બેટરી સાથે સેગમેન્ટમાં અવ્વલ સ્ટાઈલિશ ડિઝાઈન ૬.૭૧-ઈંચ ડોટ ડ્રોપ ડિસ્પ્લે સાથે આવે છે.

લોન્ચ પર બોલતાં પોકો ઈન્ડિયાના કન્ટ્રી હેડ હિમાંશુ ટંડને જણાવ્યું હતું કે, ''પોકો પહોંચક્ષમ કિંમતે ટોપ- ટિયર ટેકનોલોજી પૂરી પાડવા પ્રત્યે સમર્પિત રહી છે અને અમે સી સિરીઝમાં અમારો નવીનતમ ઉમેરો પોકો સી૬૧ રજૂ કરવા માટે ભારે રોમાંચિત છીએ. પ્રીમિયમ ડિઝાઈન અને આકર્ષક ફીચર્સથી સમૃદ્ધ પોકો સી૬૧ અમારા ગ્રાહકોની જરૂરતોને પહોંચી વળવા માટે તૈયાર કરાયો છે. અમને આત્મવિશ્વાસ છે કે પોકો સી૬૧ બજેટ સ્માર્ટફોન્સ માટે અપેક્ષાઓની નવેસરથી વ્યાખ્યા કરશે અને અમે તેની સાથે આવતા અમારા ગ્રાહકોના ફર્સ્ટહેન્ડ અનુભવની ઉત્સુકતાથી વાટ જોઈ રહ્યા છીએ."

પોકો સી૬૧ કિફાયતી કિંમતે પ્રીમિયમ ડિઝાઈન સાથે અલ્ટિમેટ બજેટ સ્માર્ટફોન બની રહેશે. તેમાં ચમકદાર રિંગ ડિઝાઈન સાથે ગ્લાસ બેક ડિઝાઈન સાથે પોકો સી**61** સ્ટાઈલિશ ડિવાઈસ છે, જે આકર્ષિત કરીને રહે છે. ફાસ્ટ સાઈડ ફિંગરપ્રિંટ સેન્સર ફોનને ઝડપી અને સંરક્ષિત પહોંચની ખાતરી રાખે છે, જ્યારે **૧૬૮.૪mm * 76.3mm*8.3mm**નો કોમ્પેક્ટ આકાર અને ૧૯૩ ગ્રા હલકું વજન તેને જોડે રાખવાનું આસાન બનાવે છે.

ડીપી વર્લ્ડે ઉત્કૃષ્ટ વેરહાઉસ સર્વિસીઝ માટે પ્રતિષ્ઠિત LEAPS માન્યતા મેળવી

એજન્સી દ્વારા

સ્માર્ટ એન્ડ-ટુ-એન્ડ સપ્લાય ચેઈન સોલ્યુશન્સની અગ્રણી ગ્લોબલ પ્રોવાઈડર ડીપી વર્લ્ડને લોજિસ્ટિક્સ એક્સીલન્સ, એડવાન્સમેન્ટ એન્ડ પર્ફોર્મન્સ શિલ્ડ (**LEAPS**)એવોર્ડ જીતીને વેરહાઉસ સર્વિસીઝમાં તેની ઉત્કૃષ્ટતા માટે માન્યતા મળી છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન એન્ડ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (**DPIIT**)દ્વારા નવી દિલ્હીમાં ન્ઈછૅંજી સમાપન સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું.

વેરહાઉસ સર્વિસ પ્રોવાઈડર (ઈન્ડસ્ટ્રીયલ એન્ડ કન્ઝ્યુમેબલ્સ) કેટેગરીમાં ડીપી વર્લ્ડ અગ્રીમ કંપની તરીકે ઊભરી આવી હતી અને ડીપીઆઈઆઈટીના સેક્રેટરી શ્રી રાજેશ કુમાર સિંહ દ્વારા સન્માનિત કરવામાં આવી હતી. કંપની દ્વારા ઓફર કરાતા વ્યાપક

વેરહાઉસિંગ સોલ્યુશન્સે ન કેવળ ગ્રાહકોને મદદ પૂરી પાડી હતી પરંતુ પીએમ ગતિ શક્તિ, મેક ઈન ઈન્ડિયા અને નેશનલ કોરિડોર્સના વિકાસ જેવી અનેક મહત્વની રાષ્ટ્રીય પહેલ સાથે સંલગ્ન થયા હતા.

આ માન્યતા અંગે કૃતજ્ઞતા વ્યક્ત કરતા ડીપી વર્લ્ડ સબકોન્ટિનેન્ટના લોજિસ્ટિક્સના ચીફ કમર્શિયલ ઓફિસર અશ્વનિ નાથે જણાવ્યું હતું કે ''પ્રતિષ્ઠિત **LEAPS** એવોર્ડ મેળવવો એ અમારી ટીમમાં વિશ્વાસનું સિંચન કરે છે અને ઉત્કૃષ્ટતા માટેની અમારી અદ્વિતીય પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરે છે.

બજાજ ગ્રૂપ સીએસઆર એક્ટિવિટી માટે આગામી પાંચ વર્ષમાં રૂ.૫૦૦૦ કરોડ ફાળવશે

એજન્સી દ્વારા

બજાજ ગ્રૂપે આગામી પાંચ વર્ષ માટે સામાજિક પરિવર્તન પહેલ માટે રૂ. ૫૦૦૦ કરોડ ફાળવવાની તૈયારી દર્શાવી છે.જૂથની તમામ કોર્પોરેટ સામાજિક જવાબદારી (સીએસઆર)માટેની નવી ઓળખ બજાજ બિયોન્ડ સૂત્ર હેઠળ કૌશલ્ય વિકાસ પર સૌથી વધુ ધ્યાન આપવામાં આવશે. જેનાથી ૨ કરોડથી વધુ યુવાનોને ફાયદો થશે અને તેઓ ભારતની આગળ વધી રહેલી અર્થવ્યવસ્થા દ્વારા રજૂ કરવામાં આવતા રોજગાર અને ઉદ્યોગસાહસિકતકોને લાભ લેવા માટે સક્ષમ બનશે.બજાજ ફિનસર્વ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર સંજીવ બજાજે જણાવ્યું હતુંકે, ''અમારા સંસ્થાપક જમનાલાલ બજાજથી પ્રેરિત થઈને બજાજ ગ્રૂપ પાસે સમાજના "સામાન્ય ભલા' માટે કામ કરવાનો અને દેશની સેવા કરવાનો

વારસો છે. કૌશલ્ય એ અમારી સામાજિક અસરની પહેલના કેન્દ્રમાં રહ્યું છે.

અમે યુવાનો અને તેમના પરિવારોની સુખાકારી પર તેની હકારાત્મક અસર જોઈ છે. બેંકિંગ, ફાઈનાન્સ એન્ડ ઈન્સ્યોરન્સમાં અમારો સર્ટિફિકેટ પ્રોગ્રામ યુવાનોને ઝડપથી વિસ્તરતા નાણાકીય સેવા ક્ષેત્રમાં રોજગાર માટે તૈયાર કરે છે, આ ક્ષેત્રમાં હાલ પ્રતિભાની અછત જોવા મળી રહી છે. બજાજ બિયોન્ડ સાથે અમે ભારતની કૌશલ્ય ઈકોસિસ્ટમને મજબૂત કરવા માટે પ્રતિબદ્ધ છીએ. ખાસ કરીને અંતરિયાળ વિસ્તારોમાં આર્થિક સમૃદ્ધિની પહોંચને સક્ષમ કરવામાં આવશે.''

ઈન્સ્ટાગ્રામ-વર્થી કિચન ડેકોરઃ સૌંદર્યલક્ષી જગ્યા બનાવવા માટેની ટિપ્સ

એજન્સી દ્વારા

આજના સોશિયલ મીડિયા-સંચાલિત વિશ્વમાં, ઈન્સ્ટાગ્રામ-વર્થી કિચન હોવું ઘણા ઘરના ઉત્સાહીઓ માટે આવશ્યક બની ગયું છે. કુકવેરથી લઈને ડ્રિંકવેર અને ડિનરવેર સુધી, દરેક તત્વ તમારા રસોડાના એકંદર સૌંદર્યલક્ષી આકર્ષણમાં ફાળો આપે છે. સારી રીતે પસંદ કરેલા કુકવેરની ઝગમગાટથી લઈને ડ્રિંકવેરના ભવ્ય વળાંકો અને રાત્રિભોજનના કાલાતીત વશીકરણ સુધી, અમને તમારી સૌંદર્યલક્ષી ઈચ્છાઓની સૂચિને આવરી લેવા માટે એક બ્રાન્ડ મળી છે- થીનકિચન.ઈન તેમના પ્રીમિયમ આંતરરાષ્ટ્રીય ઉત્પાદન વર્ગીકરણ સહિત. પછી ભલે તમે ઉત્સાહી ઘર છો. તમારી રાંધણ રચનાઓ અથવા આંતરિક ડિઝાઈનના શોખીનોને શેર કરવા માટે રસોઈ કરો, જે દૃષ્ટિની આકર્ષક હોય તેટલી કાર્યક્ષમ જગ્યા બનાવવાનું લક્ષ્ય રાખે છે, થીનકિચન.ઈન ની આ ટીપ્સ તમને કિચન બનાવવા માટે માર્ગદર્શન આપશે જે ઈન્સ્ટાગ્રામ પર પસંદ અને પ્રશંસા મેળવવા માટે બંધાયેલ છે:

૧. એક અનન્ય કિચન વાઈબ બનાવોઃ વૈવિધ્યસભર છતાં સુમેળભર્યું રસોડું ડિઝાઈન બનાવવા માટે શૈલીઓ, ટેક્સચર અને સામગ્રીને મિશ્રિત અને મેચ કરવાની હિંમત કરો. વિન્ટેજ એલિમેન્ટ્સને આધુનિક ફિક્સર સાથે જોડો, ગામઠી ઉચ્ચારો સાથે આકર્ષક સપાટીઓ અને દ્રશ્ય રસ માટે માર્બલ, લાકડા અને ધાતુ જેવા વિવિધ ટેક્સચરને મિશ્રિત કરો.

આલિંગન વિવિધતા તમારી જગ્યામાં ઊંડાણ અને પાત્ર ઉમેરે છે, જે તમને ઈન્સ્ટાગ્રામ-વર્થી સૌંદર્યલક્ષી હાંસલ કરતી વખતે તમારા અનન્ય વ્યક્તિત્વ અને ડિઝાઈનની સંવેદનશીલતાને વ્યક્ત કરવાની મંજૂરી આપે છે.

૨. સ્ટાઈલિશ કુકવેરમાં રોકાણ કરોઃ તમારા કુકવેરને સ્ટાઈલિશ અને ફંક્શનલ પીસ સાથે અપગ્રેડ કરો જે સજાવટ કરતાં બમણું થાય. આકર્ષક સ્ટેનલેસ-સ્ટીલના પોટ્સ અને તવાઓ, રંગબેરંગી કાસ્ટ આયર્ન સ્કિલેટ્સ અથવા ભવ્ય સિરામિક બેકિંગ ડીશ જુઓ કે જે પ્રદર્શિત કરવામાં તમને ગર્વ થશે. અહીં તે છે જ્યાં માસ્ટરક્લાસ ચિત્રમાં પ્રવેશ કરે છે. થીનકિચન.ઈન પરથી માસ્ટરક્લાસ સ્માર્ટ સ્પેસ નોન-સ્ટીક સોસપેન સેટમાં રોકાણ કરવું એ એક સ્માર્ટ પસંદગી હશે! જ્યારે સંગ્રહિત કરવામાં આવે ત્યારે આ સ્માર્ટ પેન સેટ માત્ર એક સોસપેનની જગ્યા લે છે. તવાઓ એકસાથે સરસ રીતે માળો બાંધે છે, એક-સાઈઝ-ફીટ-બધું ઢાંકણ ટોચ પર બેસે છે, અને કમ્ફર્ટ-ગ્રિપ હેન્ડલને એક જ ક્લિકથી સુરક્ષિત રીતે જોડી અને અલગ કરી શકાય છે.

૩. સુંદર ડ્રિંકવેરનું પ્રદર્શન કરોઃ તમારી પીણાની રમતને સ્ટાઈલિશ ડ્રિંકવેર વડે ઉન્નત કરો જે તમારા રસોડામાં અભિજાત્યપણુંનો સ્પર્શ ઉમેરે છે.

સેવાભારતી – ગુજરાત દ્વારા ડાંગ જીલ્લામાં યોજાયું મહિલા સ્નેહ મિલન

એજન્સી દ્વારા

સેવાભારતી – ગુજરાત અને ડૉ હેડગેવાર સ્મૃતિ સેવા સમિતિના સંયુક્ત ઉપક્રમે ડાંગ જીલ્લામાં માતૃશક્તિના સશક્તિકરણના મુખ્ય વિષયને કેન્દ્રમાં રાખી છેલ્લા બે વર્ષથી પ્રવૃત્તિ ચાલે છે. આ પ્રવૃત્તિના અંતર્ગત દ્વિતીય મહિલા સંમેલન સેવાભારતી – ગુજરાત દ્વારા દિનાંક ૧૯/૦૩/૨૦૨૪ ના રોજ આહવા ખાતે સંપન્ન થયું.

આ કાર્યક્રમમાં ૪૨ ગામોની ૩૨૦૦ બહેનોનો સહભાગ રહ્યો. કાર્યક્રમના પ્રમુખ વક્તા રાષ્ટ્રીય સેવા ભારતીના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રીમતિ અમિતા જૈને પોતાના વક્તવ્યમાં કહ્યું કે સમાજ જીવનના કોઇપણ ક્ષેત્રમાં મહિલા પોતાની રીતે સક્ષમ છે. સાધ્વી હેતલ દીદીએ પોતાના આશીર્વાદ ઉપસ્થિત બહેનોને ઉત્સાહ પૂરો પાડ્યો. કાર્યક્રમની પ્રસ્તાવના આપતા ડૉ વેદ શ્રી વાસ્તવે સેવાભારતી – ગુજરાત દ્વારા આદિવાસી બહેનો દ્વારા સંચાલિત પ્રકલ્પોની જાણકારી આપતા કહ્યું કે શિક્ષણ, સ્વાવલંબન, સ્વચ્છતા, સ્વાસ્થ્ય અને સામાજિક આ પાંચ વિષયો પર ૪૫

ગામોમાં ૧૧૩ આરોગ્ય મંડળ બહેનો દ્વારા ચલાવવામાં આવે છે. આ ગામોમાં સ્વરોજગારીની તાલિમ અને દવાઓ પૂરી પાડવામાં આવે છે.

કાર્યક્રમમાં ડાંગી સંસ્કૃતિ પ્રદર્શિત કરતા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. નાનકડી બાળકી રિદ્ધિ દ્વારા દેવસ્તુતિ પ્રસ્તુત કરવામાં આવી. બહેનો દ્વારા રામસ્તુતિ અને વન્દેમાતરમ પર મનમોહક નૃત્ય પ્રસ્તુત કરવામાં આવ્યું

સેવાક્ષેત્રમાં કામ કરતા કલાબેન, સતીશભાઈ અને પ્રકલ્પના વિકસિત ગામ લિંગા અને લહાનકસાડને સન્માનિત કરવામાં આવ્યા. ડૉ અખિલેશ પાંડેજીએ મહિલાઓ સ્વાવલંબી કેવી રીતે બની તેનું પ્રબોધન કરતા કાર્યક્રમનું સમાપન કર્યું. તેમણે જણાવ્યું કે પોતાની સાથે સાથે પરિવાર અને સમાજના દરેક ક્ષેત્રોમાં બહેનોની ભાગીદારી વધવી જોઇએ.

ક્રિએટિવ ગ્રાફિક્સ સોલ્યુશન્સ ઈન્ડિયા લિમિટેડનો આઈપીઓ ગુરૂવાર, ૨૮ માર્ચે ખૂલશે : પ્રાઈઝ બેન્ડ રૂ. ૮૦-૮૫

એજન્સી દ્વારા

ભારતની અગ્રણી સંગઠિત અને સંકલિત પેકેજિંગ ઈકોસિસ્ટમ કંપની ક્રિએટિવ ગ્રાફિક્સ સોલ્યુશન્સ ઈન્ડિયા લિમિટેડે જાહેર કર્યું છે કે તેનું પ્રારંભિક જાહેર ભરણું (આઈપીઓ) ગુરૂવાર, ૨૮ માર્ચ, ૨૦૨૪ના રોજ ખૂલશે. એન્કર પોર્શન બુધવાર, ૨૭ માર્ચ, ૨૦૨૪ના રોજ ખૂલશે તથા ઈશ્યૂ ગુરૂવાર, ૦૪ એપ્રિલ, ૨૦૨૪ના રોજ બંધ થશે. કંપની ઓફરિંગમાંથી આશરે રૂ. ૫૪.૪ કરોડ (અપર પ્રાઈઝ બેન્ડ ઉપર) ઊભા કરવાની તથા એનએસઈ ઈમર્જ ઉપર લિસ્ટ થવાની યોજના ધરાવે છે. ઈશ્યૂનો પ્રાઈઝ બેન્ડ પ્રતિ શેર રૂ. ૮૦-૮૫ નિર્ધારિત કરાયો છે તેમજ લોટ સાઈઝ ૧,૬૦૦ ઈક્વિટી શેર્સ રહેશે.

કોર્પોરેટ કેપિટલ વેન્ચર્સ ઈશ્યૂના બુક રનિંગ લીડ મેનેજર તથા બિગશેર સર્વિસિસ પ્રાઈવેટ લિમિટેડ ઈશ્યૂના રજીસ્ટ્રાર છે.

કોર્પોરેટ કેપિટલ વેન્ચર્સ પ્રાઈવેટ લિમિટેડે તાજેતરના મહિનાઓમાં અલ્પેક્સ સોલર, એસ્કોનેટ ટેક્નોલોજીસ, રોકિંગડીલ્સ, એસેન્ટ માઈક્રોસેલ, ઓરિઆના પાવર, દ્રોણાચાર્ય અને ક્રેયોન્સ એડવર્ટાઈઝિંગ વગેરે એસએમઈ આઈપીઓનું સફળ સંચાલન કર્યું છે.

નોઈડા સ્થિત કંપનીના આઈપીઓમાં બુક બિલ્ડિંગ રૂટ દ્વારા પ્રતિ શેર રૂ. ૧૦ની મૂળ કિંમતના ૬૪,૦૦,૦૦૦ ઈક્વિટી શેર્સનો ફ્રેશ ઈશ્યૂ સામેલ છે. તેમાં માર્કેટ મેકર માટે ૩.૨ લાખ ઈક્વિટી શેર્સ, એનઆઈઆઈ માટે ૯.૧૨ લાખ ઈક્વિટી શેર્સ, ક્યુઆઈબી માટે ૩૦.૪ લાખ ઈક્વિટી શેર્સ (એન્કર ઈન્વેસ્ટર પોર્શન માટે ૧૮.૨૪ લાખ ઈક્વિટી શેર્સ સહિત) અને રિટેઈલ માટે ૨૧.૨૮ લાખ ઈક્વિટી શેર્સ અનામત છે.

આરએચપી ડોક્યુમેન્ટ મુજબ કંપની આઈપીઓમાંથી ઊભા કરાયેલા ભંડોળનો ઉપયોગ કાર્યકારી મૂડીની જરૂરિયાતોને પૂર્ણ કરવા, કંપનીના ધિરાણના કેટલાંક હિસ્સા અથવા સંપૂર્ણ હિસ્સાની પુનઃચૂકવણી માટે, મૂડી ખર્ચ માટે, હસ્તાંતરણ દ્વારા ઈનઓર્ગેનિક વૃદ્ધિ માટે તથા કોર્પોરેટના સામાન્ય હેતુઓ માટે કરાશે.

ક્રિએટિવ ગ્રાફિક્સ ડિજિટલ ફ્લેક્સો પ્લેટ્સ, કન્વેન્શનલ ફ્લેક્સો પ્રિન્ટિંગ પ્લેટ્સ, લેટર પ્રેસ પ્લેટ્સ, મેટલ બેક પ્લેટ્સ અને કોટિંગ પ્લેટ્સ સહિતના ફ્લેક્સોગ્રાફિક પ્રિન્ટિંગ પ્લેટન્સના ઉત્પાદનમાં નિપૂણતા ધરાવે છે. કંપની ભારત, થાઈલેન્ડ, કતાર, કુવૈત, નેપાળ અને આફ્રિકામાં ગ્રાહકોને સેવા પ્રદાન કરે છે. તે નોઈડા (ઉત્તર પ્રદેશ), વસઈ, પૂણે (મહારાષ્ટ્ર), ચેન્નઈ (તમિળ નાડુ), બદ્દી, (હિમાચલ પ્રદેશ), હૈદરાબાદ (તેલંગાણા) અને અમદાવાદ (ગુજરાત)માં ઉત્પાદન સુવિધાઓ ધરાવે છે.

કંપનીએ વર્તમાન નાણાકીય વર્ષમાં ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ સમાપ્ત થયેલાં પ્રથમ અર્ધવાર્ષિકગાળામાં રૂ. ૪૮.૦૭ કરોડની આવક અને રૂ. ૭.૨૪ કરોડનો પીએટી નોંધાવ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં કંપનીની આવકો રૂ. ૯૦.૧૪ કરોડ અને પીએટી રૂ. ૮.૬૪ કરોડ હતો.

સમર વેકેશનને લઈ આયોજન

અમદાવાદ એરપોર્ટથી થાઈલેન્ડ, સાઉદી અને મલેશિયાની ડાયરેક્ટ ફ્લાઈટ શરૂ

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા. ૨૭

સમર વેકેશનમાં વિદેશ ફરવા જવાનું પ્લાન કરતા હોવ તો એક સારા સમાચાર સામે આવ્યા છે. મિડલ - ઈસ્ટ એશિયાનાં કેટલાક દેશોમાં અમદાવાદથી ડાયરેક્ટ ફ્લાઈટની સર્વિસ શરૂ કરવામાં આવી છે. આનું મુખ્ય કારણ સમર વેકેશન પણ ગણવામાં આવી રહ્યું છે. આ દરમિયાન ગુજરાતીઓ મોટાભાગે થાઈલેન્ડ ફરવા જવાનું પ્લાન કરે છે. તેવામાં આની સાથે અન્ય કેટલાક ડેસ્ટિનેશનની ડાયરેક્ટ ફ્લાઈટનું શેડ્યૂલ પણ જાહેર કરી દેવામાં આવ્યું છે.

ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિલિસ એવિએશને સમર શેડ્યૂલ જાહેર કરી દીધું છે જે ૩૧ માર્ચથી ૨૬ ઓક્ટોબર સુધી કાર્યરત રહેશે. આમાં વિવિધ ઈન્ટરનેશનલ ડેસ્ટિનેશનની ડાયરેક્ટ ફ્લાઈટની સુવિધાઓ અને તેની યાદી પ્રદર્શિત કરવામાં આવી છે. જેમાં બેંગકોક, કુઆલા લુમ્પુર અને જેદાહનો સમાવેશ થયો છે. ઉલ્લેખનીય છે કે આનાથી ટ્રાવેલ ઈન્ડસ્ટ્રીમાં પણ બૂકિંગનો ધમધમાટ શરૂ થાય એ પહેલા જાહેરાત કરી દેવાઈ છે. ટ્રાવેલ ઈન્ડસ્ટ્રીના નિષ્ણાતોએ કહ્યું કે આનાથી કનેક્ટિવિટીને વધુ વેગ મળશે. ટ્રાવેલ ડેસ્ટિનેશનની વાત કરીએ તો ૩૬ જેટલા આંતરરાષ્ટ્રીય અને ડોમેસ્ટિક સ્થળો સીધા જીફૈં એરપોર્ટ સાથે જોડાશે.

ઉનાળાનાં વેકેશનને ધ્યાનમાં રાખીને ભારતીય અને ખાસ કરીને ગુજરાતીઓ તો થાઈલેન્ડ જવાનું પહેલા પ્રિફર કરે છે. તેવામાં થાઈ એર દ્વારા થાઈલેન્ડમાં બેંગકોક જતી સાપ્તાહિક ફ્લાઈટ્સની જે સંખ્યા છે તેમાં પણ વધારો કરે એવી અપેક્ષા જણાઈ રહી છે. બીજી બાજુ જોવા જઈએ તો એર ઈન્ડિયા એક્સપ્રેસ પણ બેંગકોક માટે ડાયરેક્ટ ફ્લાઈટ શરૂ કરશે એવી અપેક્ષા જણાવાઈ રહી છે.

બીજી બાજુ એર એશિયા દ્વારા મલેશિયામાં કુઆલાલંપુર માટેની સીધી ફ્લાઈટ શરૂ કરાય તેવી અપેક્ષા છે, જ્યારે અકાસા એર સાઉદી અરેબિયામાં જેદ્દાહ માટે સીધી ફ્લાઈટ શરૂ કરે તેવી સંભાવના છે. જોકે હવે જેદ્દાહની ડાયરેક્ટ ફ્લાઈટથી જે મક્કાના હજ યાત્રીઓ છે તેમના માટે ઘણી જ સુવિધાયુક્ત રહેશે.

SVPI એરપોર્ટની વાત કરીએ તો અહીં દરરોજની મિનિમમ એવરેજ ૨૫૦ ફ્લાઈટની અવર જવર તો થતી જ હોય છે. આની કનેક્ટિવિટી પણ મોટાભાગનાં દેશો સાથે ડાયરેક્ટ છે. જેમકે અહીં પહેલાથી જે છઈમાં દુબઈ, અબુધાબી અને શારજાહ, સાઉદી અરેબિયામાં જેદ્દાહ, કુવૈત, ઈંગ્લેન્ડમાં ગેટવિક અને લંડન, થાઈલેન્ડમાં બેંગકોકને ડાયરેક્ટ ફ્લાઈટ સાથે કનેક્ટિવિટી પૂરી પાડે છે.

સૂત્રોએ પુષ્ટિ કરી છે કે વિસ્તારા હવે અમદાવાદથી ગોવા અને બેંગલુરુ માટે ડાયરેક્ટ ફ્લાઈટ શરૂ કરે તેવી શક્યતાઓ જણાઈ રહી છે, તેવામાં જ્યારે ઈન્ડિગો રાજકોટના હિરાસર એરપોર્ટ માટે ડાયરેક્ટ ફ્લાઈટ શરૂ કરે તેવી અપેક્ષા છે. સમર શેડ્યૂલ સાથે અમદાવાદથી ફ્લાઈટની ફ્રિકવન્સી ગયા વર્ષની સિઝનની સરખામણીએ આ વર્ષે ૧૬% વધી ગઈ છે. તેવામાં સમગ્ર ભારતમાં એરલાઈન્સ સમર શેડ્યૂલ દરમિયાન કુલ ૨૪,૨૭૫ સાપ્તાહિક ડોમેસ્ટિક ફ્લાઈટ્સનું સંચાલન કરશે, જે એક વર્ષ અગાઉના સમયગાળાની તુલનામાં લગભગ ૬% વધારે છે. ઢ્ઢ્ઝ્છનાં જણાવ્યા મુજબ સાપ્તાહિક ડિપાર્ચરની સંખ્યામાં પણ ૨.૩૦%નો વધારો થયો છે, જ્યારે ૩૦ માર્ચના રોજ સમાપ્ત થતા વર્તમાન વિન્ટર કેલેન્ડરમાં જોવા જઈએ તો સમર કરતા ઓછી ફ્લાઈટનું મેનેજમેન્ટ થયું હતું. આ આંકડા પર નજર કરીએ તો તે ૨૩ હજાર ૭૩૨ આસપાસ રહ્યો છે.

રાજ્યમાં આ વર્ષે ડાંગરના વાવેતરમાં વધારો નોંધાયો

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ,તા. ૨૭

રાજ્યમાં આ સિઝનમાં ઉનાળુ ડાંગરના વાવણીમાં વધારો જોવા મળ્યો છે, જ્યારે ગયા વર્ષના અંતમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસું સુસ્ત રહેવા છતાં રાજ્યમાં એકંદરે વાવણી સામાન્ય રહેવાના આરે છે.

ગુજરાતના કૃષિ નિયામકની કચેરી (ડીએજી) ના તાજેતરના વાવણીના આંકડા મુજબ, ૧૮ માર્ચ સુધીમાં, ખેડૂતોએ ૮૭,૮૭૦ હેક્ટર (હેક્ટર) માં ડાંગરની વાવણી કરી હતી. આ અગાઉના ત્રણ વર્ષ રાજ્યના ૭૫,૧૫૭ હેક્ટરના સરેરાશ ડાંગર વાવણી વિસ્તારના લગભગ ૧૧૭ ટકા છે. ગયા વર્ષે આ આંકડો ૭૬,૬૯૭ હેક્ટર હતો. આ વર્ષે વાવણીમાં ૧૧,૦૦૦ હેક્ટરથી વધુનો વધારો થયો છે.રાજ્યમાં જાન્યુઆરી અને ફેબ્રુઆરી ઉનાળામાં ડાંગરની વાવણીની મોસમ છે, અને પાક એપ્રિલ અને મે મહિનામાં લેવામાં આવે છે. મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાત એવા પ્રદેશો છે, જ્યાં ખેડૂતો સિંચાઈના પાણીની પુષ્કળ માત્રાને કારણે આ પાક ઉગાડે છે. આ સિઝનમાં ખેડા (ગત વર્ષે ૧૨,૮૦૦ હેક્ટરની સામે આ વર્ષે ૧૩,૭૦૦ હેક્ટર), આણંદ (૯,૧૦૦ હેક્ટરની સામે ૬,૮૦૦ હેક્ટર), વડોદરા (૫,૦૦૦ હેક્ટરની સામે ૯,૧૦૦ હેક્ટર), ભરૂચ (૫,૭૦૦ હેક્ટરની સામે ૫,૭૦૦ હેક્ટર) અને પંચમહાલ (૩૦૦ હેક્ટરની સામે ૩,૧૦૦ હેક્ટર) માં વધારો થયો છે.ઉનાળા દરમિયાન ઊંચા વાવેતર વિસ્તારને ગુજરાતના સૌથી મોટા ડાંગર ઉત્પાદક જિલ્લો અમદાવાદ દ્વારા પણ ટેકો મળ્યો છે, જ્યાં ૨૯,૯૦૦ હેક્ટર વિસ્તારમાં વાવણી નોંધાઈ છે. આ ગયા વર્ષ (૩૦,૩૦૦ હેક્ટર) કરતાં જોકે થોડું ઓછું છે. જો કે છેલ્લા એક દાયકામાં આ ચોથો સૌથી વધારો છે. જિલ્લામાં ૨૦૧૭-૧૮ માં ૩૩,૮૨૫ હેક્ટર અને ૨૦૨૦-૨૧માં ૩૧,૨૮૩ હેક્ટરમાં ડાંગરનું વાવેતર નોંધાયું હતું.

ખેડૂતોનું કહેવું છે કે, રાજ્ય સરકાર દ્વારા ફતેહવાડી કેનાલમાં નર્મદાનું પાણી છોડવાને કારણે તેઓએ ડાંગરનું વાવેતર વિસ્તાર જાળવી રાખ્યો છે. "રાજ્ય સરકાર આ વર્ષે ફતેહવાડી કેનાલમાં નર્મદાનું પાણી છોડશે. અમદાવાદના વાસણા બેરેજમાંથી નીકળતી આ કેનાલ અમદાવાદ જિલ્લાના સાણંદ, બાવળા અને ધોળકા તાલુકાના ખેડૂતોને સિંચાઈનું પાણી પૂરું પાડે છે અને કેનાલમાં પાણીનો નિયમિત પ્રવાહ ખેડૂતોને આ ઉનાળામાં પણ ડાંગરનું વાવેતર કરવા સક્ષમ બનાવે છે. ખેંગાર સોલંકી એગ્રીકલ્ચર પ્રોડ્યુસ માર્કેટ કમિટી (APMC)ના ચેરમેન, સાણંદ કહે છે.

અમદાવાદ શહેરનાં દિનેશ હોલમાં બીજેપી મહિલા મોરચાના પ્રોગ્રામમાં સીઆર પાટીલ ઉપસ્થિત રહ્યા હતા.

સુરતમાં પરિવારનો આધારસ્તંભ મહિલાનું મોત

ડમ્પર ચાલકે પગપાળા જતી મહિલાને અડફેટે લેતા ઘટના સ્થળે જ કરુણ મોત

પ્રતિનિધિ દ્વારા

સુરત, તા. ૨૭

સુરતમાં બેફામ દોડતા ટ્રક ચાલકોને કારણે અનેક નિર્દોષ લોકોનો ભોગ લેવાય રહ્યો છે. જ્યાં વધુ એક ઘટના સુરતના કતારગામ વિસ્તારમાં બની છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યાનુસાર, ચોક બજાર વિસ્તારમાં આવેલ કુબેરનગર સોસાયટીમાં રહેતી મનિષાબેન નિકુંજભાઈ બારોટ કતારગામ ખાતે આવેલી કે.પી સંઘવી ડાયમંડ કંપનીમાં ફરજ બજાવતા હતા. આજ રોજ પોતાના નિત્યક્રમ મુજબ પોતાની માસૂમ બાળકીને શાળાએ મૂકી તેઓ કતારગામ સ્થિત નગીનાવાડી ખાતેથી પગપાળા પસાર થઈ રહ્યા હતા. આ વેળાએ અચાનક પુરપાટ ઝડપે દોડી આવેલા પાલિકાના ડમ્પર ચાલકે મનીષાબેનને અડફેટે લેતા ઘટના સ્થળે જ તેઓનું કરુણ મોત નીપજ્યું હતું.ગમખ્વાર અકસ્માતની ઘટના બાદ રોષે ભરાયેલા ટોળાએ ચાલકને ઝડપી પાડી બરોબરનો મેથીપાક ચખાડ્યો હતો.જે બાદ પરિસ્થિતિ વધુ વણસે તે પહેલાં પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને પરિસ્થિતિ થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો. ટોળા અને પોલીસ વચ્ચે ધક્કામુક્કી અને ઘર્ષણની સ્થિતિ ઉભી થઈ હતી. જે બાદ પોલીસ દ્વારા ડમ્પર ચાલક ની અટકાયત કરી પોલીસ સ્ટેશન લઈ જવાનો પ્રયાસ કરતા ટોળું વધુ રોષે ભરાયું હતું. ચાલક દારૂના નશામાં હતો અને લાયસન્સ પણ નહોતું તેવા આક્ષેપ સાથે ટોળાએ ટ્રક ચાલકને સોંપવા અંગેની માંગ કરી હતી. જે બાદ ટોળાએ પોલીસ પીસીઆર વાનનો ઘેરાવ કર્યો હતો. જેથી વધુ પોલીસ કાફલાની મદદ લેવાની ફરજ પડી હતી.

ઘટના સ્થળ પર પહોંચેલા પોલીસના મોટા કાફલાએ સમગ્ર પરિસ્થિતિ કાબુમાં લીધા બાદ મૃતદેહને પીએમ અર્થે સુરત સ્મીમેર હોસ્પિટલ ખસેડ્યો હતો. બાદમાં ચાલકને પોલીસ સ્ટેશન ખાતે લઈ જવાયો હતો. કતારગામ પોલીસ દ્વારા પાલિકાના કોન્ટ્રાકટરનો ટ્રક પણ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મૃતક મનીષાબેન બારોટના મોતના પગલે પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. જ્યાં ઘટના સ્થળે પહોંચેલા પરિવારની આંખો ભરાઈ આવી હતી. મૃતકના પરિવારે પાલિકાના કોન્ટ્રાકટર અને ચાલક સામે કડક કાર્યવાહીની માંગ કરી હતી. મૃતકના પરિવારે જણાવ્યું હતું કે, મનીષાબેનને સંતાનમાં બે દીકરીઓ છે. દસ વર્ષ પહેલાં પતિના અવસાન બાદ પોતે બંને દીકરીઓનું ભરણ-પોષણ કરતા હતા.ડાયમંડ કંપનીમાં કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. આજે ટ્રક ચાલકે અડફેટે લેતા તેમનું મોત થયું છે. જે ઘટનામાં કડક કાર્યવાહી થાય તેવી માંગ છે. મહત્વનું છે કે પાલિકાના ડમ્પર ચાલકની ગંભીર બેદરકારીના આક્ષેપ થયા છે.

ચાલક પાસે લાયસન્સ નહોતું અને દારૂના નશામાં હોવાનો આરોપ પણ મૃતકના પરિવારે મુક્યો છે. જે બાબત પોલીસ માટે તપાસનો વિષય બની રહે છે ત્યારે સુરતમાં બેફામ દોડતા આવા ટ્રક ચાલકો વિરુદ્ધ દાખલારૂપ કાર્યવાહીનો માંગ લોકો કરી રહ્યા છે.

ચૂંટણી હોવાથી વાહનોના કાગળો સાથે રાખજો, નહીં તો દંડ ભરવા તૈયાર રહેજો

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ,તા. ૨૭

સામાન્ય ચૂંટણીઓ આવી રહી છે, ત્યારે અમદાવાદ પોલીસ સુરક્ષા વધારવા માટે સઘન વાહન ચેકિંગ અભિયાન ચલાવી રહી છે. વરિષ્ઠ પોલીસ અધિકારીઓ તમામ વાહન માલિકો અને ડ્રાઈવરોને સલાહ આપી રહ્યા છે કે તેઓ મુસાફરી કરતી વખતે તેમના વાહનના દસ્તાવેજો, વીમાના કાગળો સાથે રાખે. આઈજીપી (સ્પેશિયલ બ્રાંચ) અજય ચૌધરીએ જણાવ્યું હતું કે, અમે બે શિફ્ટમાં શહેરના રસ્તાઓ પર વાહન ચેકિંગ ટુકડીઓ તૈનાત કરી છે. જેઓ સવારે ત્રણ કલાક અને ગુરુવારથી સાંજે અન્ય ત્રણ કલાક વાહનોનું ચેકિંગ કરશે.

જો તમારી પાસે જરૂરી દસ્તાવેજો નહીં હોય તો તમારું વાહન જપ્ત થઈ શકે છે અથવા ડ્રાઈવર્સને દંડ ફટકારવામાં આવી શકે છે. આ ઉપરાંત કેબ અને ઓટો ડ્રાઈવરોને પેસેન્જર્સ પર નજર રાખવા અને કંઈ પણ શંકાસ્પદ દેખાય તો પોલીસને ચેતવણી આપવા કહેવામાં આવ્યું છે. ગુજરાતમાં લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કામાં ૭ મેના રોજ મતદાન થવાનું છે. ગેઝેટ નોટિફિકેશન જારી કરવાની તારીખ ૧૨ એપ્રિલ જ્યારે નોમિનેશનની છેલ્લી તારીખ ૧૧ એપ્રિલ રહેશે.

ચૂંટણીને ધ્યાનમાં રાખીને પોલીસે સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવવાનું શરૂ કર્યું છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, વાહનોની તપાસ ઉપરાંત પોલીસ શહેરના વ્યુહાત્મક એન્ટ્રી અને એક્ઝિટ સ્થળો પર બેરિકેડ પણ ગોઠવી રહી છે. અમે હોટલ, ગેસ્ટ હાઉસ અને સમાન સંસ્થાઓની તપાસ કરી રહ્યા છીએ. અમે તેના માલિકોને સુરક્ષા હેતુઓ માટે વિગતવાર ગેસ્ટ રેકોર્ડ જાળવવા માટે કહી રહ્યા છીએ. સ્પેશિયલ બ્રાન્ચ અને અન્ય શહેર પોલીસ એકમોના વોચ ગ્રુપ સહિતની વિશેષ ટીમો શહેરમાં દારૂ અને નશીલા પદાર્થોની હેરાફેરી અને ગેરકાયદેસર રોકડ પ્રવાહ જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર નજર રાખી રહી છે.એડિશનલ ડીજીપી ચૌધરીએ જણાવ્યું હતું કે, અમે જે વિસ્તારો સૌથી જોખમી છે ત્યાં અને નજીકના મહત્વપૂર્ણ સ્થાનો પર ૨૫ પોર્ટેબલ **FRC** (ફેસ રેકગ્નિશન કેમેરા) ગોઠવીશું. અમે આતંકવાદી પ્રવૃતિઓ જેવા ગંભીર ગુનાઓ માટે આરોપિત લોકોના ફોટાને સિસ્ટમમાં ફીડ કરીશું જે મેચ શોધવા અને ભાગેડુઓને શોધવા તથા ટ્રેક કરવા માટે **AI** નો ઉપયોગ કરશે.

વડોદરામાં રોડ પર મકાનોના દબાણોને લઈ હૂંસાતૂંસી

ભાજપના વોર્ડ ૧૦ના બે કોર્પોરેટર સામ સામે આવ્યા

પ્રતિનિધિ દ્વારા

વડોદરા, તા. ૨૭

વડોદરામાં રોડ પર મકાનોના દબાણોને લઈ ભાજપના વોર્ડ ૧૦ના બે કોર્પોરેટર સામસામે આવ્યા છે. રોડ લાઇનમાં ૫ મકાનોના દબાણો ન તોડવા એક કોર્પોરેટરે અધિકારી પર પ્રેશર લાવી કોર્પોરેશની દબાણ શાખાની ટીમને પરત મોકલી તો બીજા કોર્પોરેટરે મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખી મકાનોના દબાણો તોડી રોડ પહોળો કરવા માંગ કરી હતી.વડોદરા કોર્પોરેશને તાજેતરમાં ગોત્રી યશ કોમ્પ્લેક્ષથી નીલાંબર સર્કલ સુધી ૩૦ મીટર પહોળો રોડ બનાવ્યો છે. જેમાં ગોત્રી પોલીસ સ્ટેશન પાસે રોડ લાઇનમાં ૫ જેટલા મકાનોના દબાણો છે, જે મકાન માલિકોને દબાણ સ્વેછાએ દૂર કરવા કોર્પોરેશને નોટિસ આપી હતી પણ મકાન માલિકોએ દબાણ દૂર ન કરતાં કોર્પોરેશનની દબાણ શાખાની ટીમ, સ્ફ્ઝન્ની ટીમ અને ટાઉન પ્લાનિંગની ટીમ દબાણ તોડવા સ્થળ પર પહોચી હતી. મકાન માલિકોએ વોર્ડ ૧૦ના સ્થાનિક કોર્પોરેટર ઉમંગ બ્રહ્મભટ્ટને સ્થળ પર બોલાવ્યો જ્યાં કોર્પોરેટર દબાણ શાખાની ટીમને દબાણો દૂર ન કરવા રજૂઆત કરી.

કોર્પોરેશનના અધિકારીઓએ રજૂઆતને ગ્રાહ્ય ન રાખતાં કોર્પોરેટરે એક ધારાસભ્ય સાથે વાત કરી અધિકારીઓ પર પ્રેશર લાવી કામગીરી અટકાવી. કોર્પોરેટરના દબાણ વશ થઈ દબાણ તોડવા આવેલી દબાણ શાખા સહિત તમામ ટીમો વીલા મોઢે કામગીરી કર્યા વગર પરત ફરી હતી. રોડ લાઇનમાં આવેલા મકાનોના દબાણો ન તૂટતાં રોડ ૪ મીટર પહોળો ન થઈ શક્યો. જેથી રોડ સાંકળો હોવાથી અકસ્માત થવાની શક્યતાઓ વધી છે. સમગ્ર મામલે દબાણકર્તાઓ અને મકાન માલિકોએ કહ્યું કે અમે વર્ષોથી અહીંયા રહીએ છે, કોર્પોરેશન અમને ગોત્રી વિસ્તારમાં જ જ્યાં સુધી પહેલા મકાન નહીં આપે ત્યાં સુધી મકાન નહીં તોડવા દઈએ.

રોડના વિકાસના કામમાં કોર્પોરેટર અવરોધરૂપ બનતાં આજ વોર્ડના અન્ય ભાજપ કોર્પોરેટર નીતિન દોંગાએ મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખી રોડ લાઇનમાં આવેલ મકાનોના દબાણો તાત્કાલિક તોડી પાડી રોડ ખુલ્લો કરવાની માંગ કરી છે. નીતિન દોંગાએ કહ્યું કે રોડ પહોળો ન થતાં અકસ્માતની ઘટનાઓ બનશે. તો કોર્પોરેટર ઉમંગ બ્રહ્મભટ્ટે કહ્યું કે મકાન માલિકોને કોર્પોરેશન અન્ય સ્થળે મકાન આપે ત્યારબાદ મકાન તોડવા જોઈએ તેવી રજુઆત કરી હતી. વિકાસના કામમાં અવરોધ ઊભો નથી કર્યો.

રોડ લાઇનમાં દબાણ વિવાદનો સમગ્ર મામલો સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન સુધી પહોંચ્યો છે. સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન ડો શીતલ મિસ્ત્રીએ કહ્યું કે રોડ લાઇનમાં આવેલ મકાનો તોડી પડાશે. મકાન માલિકોને રાજીવ આવાસ અને મ્જ્ઁ યોજનામાં મકાનો આપવા તૈયાર છીએ. લાભાર્થીઓને મકાનની નિયત કરેલી રકમ લઈ મકાન ફાળવી આપીશું. બંને ભાજપ કોર્પોરેટરને બોલાવી વાતચીત કરી યોગ્ય ઉકેલ લાવીશું.

મહત્વની વાત છે કે તાજેતરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદવાદ અને સુરત કરતાં વડોદરા વિકાસમાં પાછળ રહી ગયું છે તેવી માર્મિક ટકોર કરી હતી, છતાં અમુક ભાજપ કોર્પોરેટર મુખ્યમંત્રીને ટકોરને ગંભીરતાથી નથી લઈ રહ્યા અને વિકાસના કામોમાં અવરોધરૂપ બની રહ્યા છે. ત્યારે કોર્પોરેશનના અધિકારીઓએ કોઈના પણ દબાણવશ થયા વગર વિકાસના કામો મક્કમતાથી કરવા જોઈએ તે ખૂબ જરૂરી છે.

આરોપીને ફાંસી આપવાની ગામ લોકોની માંગ

બાકોરમાં વિધવા વૃદ્ધા સાથે દુષ્કર્મની ચકચારી ઘટના ઘટી

બાકોર, તા. ૨૭

મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના બાકોર પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક વિધવા વૃદ્ધા સાથે દુષ્કર્મની ચકચારી ઘટના સામે આવી હતી. જે અંતર્ગત બાકોર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. વૃદ્ધા જ્યારે ઘરમાં એકલા હતા ત્યારે કુખ્યાત આરોપી જયંતિએ વિધવા વૃદ્ધાના ઘરમાં ઘૂસી અને વૃદ્ધા સાથે બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યું હોવાની બાકોર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. જેને લઈ અને બાકોર પોલીસ દ્વારા આરોપીને ઝડપી પાડવા માટે ચક્રોગતિમાન કર્યા હતા. ત્યારે ધુળેટીના દિવસે જ ગણતરીના કલાકોમાં આરોપી જયંતિ ઉર્ફે કાણીયાને પકડી પાડવામાં પોલીસને સફળતા મળી છે.કુખ્યાત આરોપીને પકડી પાડી તેનું મેડિકલ કરાવવા સહિતની આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જયંતિ ઉર્ફે કાણીયા વિરુદ્ધ અગાઉ પણ છેડતી સહિતના કુલ ૯ ગુનાઓ નોંધાયેલા છે. પોલીસ દ્વારા આ કુખ્યાત આરોપીને પકડી પાડી આગળની કાર્યવાહી તપાસ હાથ ધરવામાં આવી. મહીસાગર ડીવાયએસપીએ જણાવ્યું હતું કે, બાકોર પોલીસ સ્ટેશન વિસ્તારમાં બાકોર ટાઉનમાં ગઈ કાલે એક વયોવૃદ્ધ વિધવા જે રસોઈ બનાવતા હતા. તે વખતે ઘરના પાછળના દરવાજે આરોપી જયંતી ઉર્ફે કાણીયો પરમાભાઈ બામણિયા જે આશરે ૩૦ વર્ષની ઉંમરનો છે. તેણે ઘરમાં પ્રવેશ કરી માજીને ખેંચી લાવી ખાટલામાં નાખેલા અને મોઢું દબાવી શરીરના ભાગે બચકાં ભરેલા અને તેમની સાથે બળાત્કાર કરેલાની હકીકત ધ્યાને આવતા તત્કાલીન પીએસઆઈ સ્થળ પર પોહચી ગયેલા અને ભોગ બનાનારની ફરિયાદ લેવામાં આવેલી છે. ગણતરીના કલાકોમાં આરોપી જયંતિ ઉર્ફે કાણિયાને પકડી પાડવામાં આવ્યો છે. જયંતિ ઉર્ફે કાણીયોએ આગાઉ પણ ચારેક, ૩૫૪ છેડતીના ગુનામાં પકડાયેલો છે. એ ગુનામાં એને સજા પણ થયેલી છે.

આ ઉપરાંત બીજા ૧૦ જેટલા નાનામોટા ગુના એના વિરુદ્ધ છે. આશરે નવેક ગુનાનો આરોપી છે. આ ગુનાની સમગ્ર તપાસ બાકોર પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ સીસોદીયા કરી રહ્યા છે. ત્યારે આરોપીનો છેલ્લા કેટલાય સમયથી ગામ લોકો પર આતંક ગુજારી રહ્યો છે. જેથી ગામ લોકો ત્રાહિમામ પોકારી ઊઠયા છે. જેથી સમસ્ત ગામ લોકો બાકોર પોલીસ મથકે જઈ વૃદ્ધાને ન્યાય આપો અને આરોપીને ફાંસી આપોના સૂત્રોચાર કર્યા છે અને ગૃહરાજયમંત્રી મંત્રી આ બનાવને ગંભીરતાથી લઈ સમસ્ત ગામ લોકોને જીવવું હરામ થઈ ગયું છે. આવા આરોપીને કાયમ માટે જેલ ભેગો કરો નહિતર ફાંસીની સજા આપો તેવી માંગ કરી રહ્યા છે

પરિવાર રાજસ્થાન જવા માટે બસની રાહ જોતો હતો

અમદાવાદમાં ખુલ્લી ગટરમાં પડી જવાથી ૭ વર્ષના બાળકનું મોત

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ,તા. ૨૭

અમદાવાદ મ્યુનિસિપલ તંત્રની બેદરકારીના કારણે શહેરમાં સાત વર્ષના એક બાળકે જીવ ગુમાવવો પડ્યો છે. અમદાવાદમાં વૈષ્ણોદેવી સર્કલ પાસે રવિવારે એક ખુલ્લી ગટરમાં પડી જવાના કારણે બાળકનું મૃત્યુ થયું છે. કરુણતા એ છે કે આ પરિવારના એક સભ્ય કલાકો અગાઉ જ મૃત્યુ પામ્યા હતા. એટલે કે કલાકોની અંદર પરિવારે બે વ્યક્તિ ગુમાવવા પડ્યા છે. વૈષ્ણોદેવી સર્કલ પાસે દેવાંશ ધોબી અને તેનો પરિવાર રાજસ્થાન જવાની બસની રાહ જોતા હતા ત્યારે એક ગટર પર ઢાંકણું ન હોવાના કારણે બાળક અંદર પડી ગયો હતો. વૈષ્ણોદેવીથી ઝુંડાલ જવાના રસ્તા પર આ ઘટના બની છે. અમદાવાદના ગોતા એરિયામાં રહેતો પરિવાર રાજસ્થાન જવા માટે બસની રાહ જોતો હતો ત્યારે તેમનો ૭ વર્ષનો પુત્ર દેવાંશ પણ સાથે જ હતો. બાળક તેના માતાપિતાથી થોડે દૂર રમતો હતો. જ્યારે બસ આવી ત્યારે માતાપિતા બાળકને શોધવા લાગ્યા પરંતુ તેનો પતો ન લાગ્યો. થોડી વારમાં પોલીસ બોલાવવામાં આવી અને અંતે ખુલ્લી ગટરમાંથી ફાયર બ્રિગેડે બાળકનો મૃતદેહ શોધી કાઢ્યો હતો.

આ ઘટનાની વિગત પ્રમાણે ગોતામાં રહેતા ધર્મેન્દ્ર ધોબીના પિતાનું રાજસ્થાનમાં મૃત્યુ થયું હોવાના સમાચાર મળતા આખો પરિવાર રાજસ્થાનની બસ પકડવા માટે વૈષ્ણોદેવી સર્કલ પહોંચ્યો હતો. ધર્મેન્દ્ર ધોબી ગોતામાં લોન્ડ્રીનો બિઝનેસ ચલાવે છે. તેઓ પત્ની રાજુલ અને પુત્ર દેવાંશ સાથે બસ સ્ટેન્ડ પર પહોંચ્યા હતા. બસ આવી ત્યારે તેમને ખબર પડી કે દેવાંશનો કોઈ પતો નથી. તરત તેમણે બાળકની શોધખોળ ચલાવી. બાળકનો પતો ન મળવાથી તેમણે પોલીસને જાણ કરી હતી. અડાલજ પોલીસે પણ ઘટના સ્થળે પહોંચીને બાળકને શોધવાનું શરૂ કર્યું.

અડાલજ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એસ. આર. મુચ્છળને લાગ્યું કે શરૂઆતમાં બાળકનું અપહરણ થયું હોવાની શંકા ગઈ હતી. પોલીસે બાળકના ફોટા સાથે એક મેસેજ મોકલ્યો અને ગાંધીનગર તથા અમદાવાદના એન્ટ્રી અને એક્ઝિટ પોઈન્ટ પર બાળકની શોધખોળ કરવામાં આવી.

આ દરમિયાન બાળક બીજી કોઈ બસમાં ચઢી ગયો હશે તે દિશામાં પણ તપાસ ચાલુ હતી. ગાંધીનગર પોલીસે રાજસ્થાન પોલીસ સાથે કોઓર્ડિનેશન શરૂ કરી હતી.આ દરમિયાન અડાલજ પોલીસે આ વિસ્તારમાં કોમ્બિંગ કર્યું તો સૂકી ડાળીઓ અને પાંદડા નીચે ખુલ્લું મેનહોલ મળી આવ્યું હતું. તાત્કાલિક ગાંધીનગર ફાયર બ્રિગેડની ટીમને બોલાવવામાં આવી હતી જેણે દેવાંશનો મૃતદેહ બહાર કાઢ્યો હતો. અડાલજ પોલીસે આકસ્મિક મૃત્યુનો કેસ નોંધીને તપાસ શરૂ કરી છે. એક તરફ અમદાવાદને સ્માર્ટ સિટી બનાવવાની વાતો થાય છે અને આગામી ઓલિમ્પિક્સ માટે બિડ કરવાની તૈયારી ચાલે છે, ત્યારે શહેરમાં ખુલ્લી ગટરોથી બાળકોના મૃત્યુ થાય તે ખરેખર કમનસીબ ઘટના છે.

પાલનપુર કોર્ટે પૂર્વ IPS સંજીવ ભટ્ટને દોષિત જાહેર કર્યા

પ્રતિનિધિ દ્વારા

પાલનપુર, તા. ૨૭

પૂર્વ **IPS** અધિકારી સંજીવ ભટ્ટને **NDPS**(નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક) કેસમાં પાલનપુર બીજી એડી. સેશન્સ કોર્ટે દોષિત જાહેર કર્યા છે. પાલનપુર સેશન્સ કોર્ટ આવતીકાલે સજા સંભળાવશે. ૫ સપ્ટેમ્બર ૨૦૧૮માં સંજીવ ભટ્ટની **CID** ક્રાઈમે ધરપકડ કરી હતી. નોંધનીય છે કે, સંજીવ ભટ્ટ પર ૧૯૯૬માં પાલનપુરની હોટેલમાં રાજસ્થાનના વકીલની રૂમમાં ખોટી રીતે ડ્રગ્સ મૂકીને વકીલને ફસાવવાનો આરોપ લાગ્યો હતો. ૫ સપ્ટેમ્બર ૨૦૧૮માં સંજીવ ભટ્ટની ધરપકડ કરવામાં આવી હતી.

૧૯૯૬માં પાલનપુર લાજવંતી હોટેલમાંની એક હોટલના રૂમમાં અફીણનો જથ્થો મુકાવીને રાજસ્થાન પાલીના એક વકીલને ખોટા કેસમાં ફસાવી દેવાનો આરોપ છે. આ કેસમાં ક્રાઈમ બ્રાન્ચે પાલનપુરના તત્કાલીન પીઆઈ વ્યાસની પણ ધરપકડ કરી હતી. પોલીસને એવી બાતમી મળી હતી કે પાલનપુરની લાજવંતી હોટેલમાં સુમેરસિંહ રાજપુરોહિત અફીણનો જથ્થો લઈ આવવાનો છે. આ બાતમીને આધારે પોલીસે રેડ પાડીને એક કિલો ૧૫ ગ્રામ અફીણ કબજે કર્યું હતું. જો કે તેમના પર આરોપ હતો કે. તેમણે વકીલને ફસાવવા માટે અહીં ડ્રગ્સ મૂકાવ્યું હતું. ૫ સપ્ટેમ્બર ૨૦૧૮માં સંજીવ ભટ્ટની ધરપકડ થઈ હતી. આઈઆઈટીમાંથી અભ્યાસ કરી ચૂકેલા સંજીવ ભટ્ટ ૧૯૮૮માં પોલીસ સેવામાં જોડાયા હતા, તેઓ ગુજરાત કેડરના આઈપીએસ હતા. ૨૦૦૨ના ગુજરાત રમખાણોમાં તત્કાલિન મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદીની ભૂમિકાનો આરોપ લગાવતી એફિડેવિટ સુપ્રીમ કોર્ટમાં દાખલ કરી. સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમે આરોપોને ફગાવી દીધા હતા. આ પછી ૨૦૧૧માં સંજીવ ભટ્ટને સેવામાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. ઓગસ્ટ ૨૦૧૫ માં, તેમને 'અનધિકૃત ગેરહાજરી' માટે ગૃહ મંત્રાલય દ્વારા બરતરફ કરવામાં આવ્યા હતા.સંજય ભટ્ટનો વિવાદ સાથે બહુ જુનો નાતો રહ્યો છે.સંજીવ ભટ્ટ જ્યારે ગોધરાકાંડના મામલે આક્ષેપ કરી રહ્યા હતા ત્યારે તેમને એક સુરક્ષાકર્મી સાથે ઝઘડો થયો હતો. આ દરમિયાન તેમણે સુરક્ષાકર્મીને લાફો મારી દીધો અને તેની ફરિયાદ પણ નોંધાઈ હતી. માત્ર એટલું જ નહીં, સંજીવ ભટ્ટે પોતાના મેમનગર પાસે આવેલા બંગલોમાં ગેરકાયદે બાંધકામ કર્યું હતું. જેને લઈ ખૂબ વિવાદ થયો હતો.

સુરતના પાંડેસરામાં ૧૨ વર્ષના બાળક સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય થયું

પ્રતિનિધિ દ્વારા

સુરત, તા. ૨૭

સુરતના પાંડેસરા વિસ્તારમાં એક યુવાન દ્વારા સાયકલ અપાવવાની લાલચ આપી બાળકનું અપહરણ કરવામાં આવ્યું હતું. બાદમાં આ બાળકને અવાવરું જગ્યાએ લઈ જઈ નરાધમ યુવાને સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કર્યું હતું. આ બનાવ અંગે પાંડેસરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે તાત્કાલિક ધોરણે આ નરાધમની ધરપકડ કરી તેને જેલ ભેગો કર્યો હતો.

સુરતના પાંડેસરા વિસ્તારમાં રહેતો ૧૨ વર્ષનો બાળક પોતાના ઘર નજીક ધુળેટીના પર્વ નિમિત્તે રમી રહ્યો હતો. આ દરમિયાન અમિત પાંડે નામનો યુવાન તેની પાસે આવ્યો હતો અને સાયકલ અપાવવાની લાલચ આપી બાળકને પોતાના બાઈક ઉપર બેસાડી તેનું અપહરણ કરી ભાગી છૂટ્યો હતો. આ બાળકને અવાવરું જગ્યાએ લઈ જવામાં આવ્યો હતો અને ત્યાં તેને હથિયાર બતાવી બાળક સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કર્યું હતું. આ ઘટના બાદ અજય પાંડે ત્યાંથી ભાગી છૂટ્યો હતો. બાળક ઘરે પહોંચ્યા બાદ સમગ્ર હક્કીકત તેને પોતાના માતાપિતાને વર્ણવી હતી. જે વાત સાંભળી માતા પિતા પણ ચોકી ઉઠ્યા હતા. બાળકના માતા-પિતા તાત્કાલિક ધોરણે પાંડેસરા પોલીસ મથકે પહોંચ્યા હતા અને અમિત પાંડે વિરુદ્ધ ગુનો નોંધાવ્યો હતો. જે ફરિયાદના આધારે પોલીસે અલગ અલગ ટીમો બનાવી અજય ની શોધ કોર હાથ ધરી હતી. જ્યાં ગણતરીના સમયમાં જ પોલીસે નરાધમ એવા અજય પાંડેની ધરપકડ કરી તેને જેલ ભેગો કર્યો હતો.

પોલીસ પૂછપરછમાં અજય બેકારીનું જીવન ગુજારતો હતો. તે જ્યારે બાળકના ઘર પાસેથી પસાર થઈ રહ્યો હતો. ત્યારે તેની નજર આ બાળક ઉપર પડી હતી અને ત્યારબાદ તેનું અપહરણ કરી તે લઈ ગયો હોવાની કબૂલાત પોલીસ સમક્ષ કરી હતી.